

Gyan Amrit
જ્ઞાનામૃત
Janaury 2025 - Issue 01
Price 15/-



દીવ ખાતે ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુનું સ્વાગત અભિવાદન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. અનુબેન તથા અન્ય બ્ર.કુ. ભાઈ–બહેનો.



દીવ પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુની સાથે શુભેચ્છા મુલાકાત બાદ ઈશ્વરીય સૌગાત અર્પણ કરતાં બ્ર.કુ. અનુબેન તથા બ્ર.કુ. સરોજબેન.



ગાંધીનગર ખાતે મણિનગર સબઝોનના 'તપસ્વી યુગલ મહાસંમેલન'માં અયોધ્યાધામના રસિક પીઠાધેશ્વર મહંત જન્મેજયશરણ, જગતગુરુ ઓમકારાનંદ મહારાજ, MLA ભગિની રીટાબેન, રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. કૈલાસબેન તથા વિશાળ સભામાં પવિત્ર તપસ્વી યુગલો.




કેશોદમાં 'સંબંધોમાં મધુરતા' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, SP ભ્રાતા હર્ષદભાઈ મહેતા IAS, માઈન્ડ પાવર ટ્રેનર ભ્રાતા જીતેન્દ્ર અઢીયા, MLA ભ્રાતા દેવાભાઈ માલમ અને ભગવાનજીભાઈ કરગઢીયા, બ્ર.કુ. રૂપાબેન તથા વિશાળ સભા.




કલોલમાં નવનિર્મિત 'મધુબન' બ્રહ્માકુમારીઝ પાઠશાળાના ઉદ્દ્ઘાટન પ્રસંગે જનરલ સેક્રેટરી આદરણીય બ્રિજમોહનભાઈ, આદરણીય જયંતીદીદી, રાજયોગિની ભારતીદીદી, અન્ય મહાનુભાવો તથા વિશાળ સભામાં પવિત્ર તપસ્વી યુગલો.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૮ જાન્યુઆરી - ૨૦૨૫ અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- સંતુષ્ટતા ....................તંત્રી સ્થાનેથી ...04
- અલૌકિક મસ્તીમાં રહો ....................દાદી પ્રકાશમણિજી ...05
- પરમાત્મ ઉર્જા ....................દાદી હૃદયમોહિનીજી ...07
- વિજયી રત્નમાં આવી જશો....................દાદી જાનકીજી ...08
- વિચાર આચરણનું મૂળ છે....................બ્ર.કુ. જગદીશચંદ્ર ...10
- જવાબદારીઓને બોજ ન સમજતા ....................બ્ર.કુ. સૂર્યભાઈ ...11
- જાગૃત વ્યાપારી બનશે, નિર્ભય, નિશ્ચિંત ....................બ્ર.કુ. ગીતાબેન ...12
- જીવનમાં આવનારાં પેપરને પાર કરવાની યુક્તિ .....બ્ર.કુ. ઉષાબેન ...13
- પ્રસન્નતાના પથ પર - રીલેશનશીપ ચાની ....................બ્ર.કુ. શિવાની ...14
- ખેલ પૂરા હુઆ, ચલો અબ ઘર ચલે....................બ્ર.કુ. શામભવી ...15
- રાજયોગિની રૂકમણી દાદીજી ....................બ્ર.કુ. હેમંત ...16
- ભગવાને ખેંચી રાખી છે મર્યાદાની રેખાઓ....................બ્ર.કુ. વિવેકાનંદ ...20
- ભાગ્યવિધાતા પિતામહ બ્રહ્મા ....................બ્ર.કુ. જગદીશ ...23
- ક્રોધને બદલે કરુણા, સ્નેહ અને શુભભાવના....................બ્ર.કુ. ઈશ્વર ...26
- ગીત ....................બ્ર.કુ. ગોદાવરીબેન ...27
- નિરંતર આનંદમય સ્થિતિમાં રહેવા માટે ....................બ્ર.કુ. ગંગાધર ...28
- ઓળખી લે ઘડીક આત્મ ....................બ્ર.કુ. જૂનાગઢ ...29
- પ્રસંગ પરિમલ....................30
- દિવ્યદર્શન - યુગ પ્રણેતા પિતાશ્રીને શ્રદ્ધા સુમન .......બ્ર.કુ. નંદિની ...32
- શબ્દાવલી ....................34



### 2024ના લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત

D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,

જાન્વી ફાર્મ સામે, રાયસણ,

ગાંધીનગર - 382007 M. 99798 99104



**મુદ્રક અને પ્રકાશક**

**ભારતી રણછોડદાસ સોમૈયા**


### -:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝેલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં


### જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

### પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સંતુષ્ટતા

સંગમયુગનું મહત્ત્વપૂર્ણ વરદાન એ સંતુષ્ટતા છે. કહેવાયું છે કે **'સંતોષી જીવડાને માટે ઝૂંપડી મહેલ ગણાય છે.'** એક કવિના શબ્દો છે.

**કદી વિરહ કદી વ્યથા કદી નિરાશા દુઃખ છે. સંસારમાં જો હોય તો સંતોષ મોટું સુખ છે.** જ્યારે રાજયોગી જીવન જીવીએ છીએ ત્યારે સર્વ પ્રપ્તિઓ થાય છે. **'ઈચ્છા માત્રમ્ અવિદ્યાની' સ્થિતિ જન્મે છે.** માટે પરમાત્માએ કરાવેલી પ્રાપ્તિઓને યાદ રાખીએ તો સંતુષ્ટતા મળે છે. અસંતુષ્ટતાનું કારણ સ્થૂળ અથવા સૂક્ષ્મ અપ્રાપ્તિ છે. માનવની ઈચ્છાઓ અનંત છે. **ઈચ્છાઓને અલ્પવિરામ હોય છે. પૂર્ણ વિરામ આવતું નથી.** બ્રહ્માવત્સ બનતાં ચાલશે, ફાવશે, નભશે, ગમશે ને અપનાવવાની સંતુષ્ટતા આવે છે.

**'અપ્રાપ્ત કોઈ વસ્તુ નહીં બ્રાહ્મણોના ખજાનામાં'** શિવબાબાએ સર્વ પ્રાપ્તિઓ કરાવી દીધી હોય છે તેથી જીવનમાં સંતુષ્ટતા આવે છે. તો આ ખજાનાઓનો સેવામાં ઉપયોગ કરવાથી અસંતુષ્ટતા રહેશે નહીં. સદા સ્મૃતિ સ્વરૂપ બનીશું તો સંતુષ્ટમણિ બની જઈશું.

### અસંતુષ્ટતાનાં કારણો

હદ અથવા અલ્પકાળની પ્રાપ્તિની ઈચ્છા અર્થાત્ માન-શાન, પદ-પ્રતિષ્ઠાની ઈચ્છા છે. હદની પ્રાપ્તિની ઈચ્છા કરવાથી દિલમાં હદ જન્માવે છે. તેથી હદની ઈચ્છાઓને સમાપ્ત કરો. સંતુષ્ટતા હશે તો 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'થી જીવી શકીશું.

### સંતુષ્ટતાના ફાયદા

સંતુષ્ટતાથી લૌકિક અને અલૌકિક પરિવારમાં પણ પ્રિય બની શકીશું. સંતુષ્ટતાથી મેળવેલું ધન એ લાખો રૂપિયાથી પણ વધારે છે. સંતુષ્ટતા એ જ્ઞાનના વિષયનું પ્રત્યક્ષ પ્રમાણ છે. સંતુષ્ટતા બેફિકર બાદશાહ બનાવે છે. સંતુષ્ટતાથી સ્વમાનની સીટ પર બેસી શકીશું. સંતુષ્ટતા બ્રાહ્મણ જીવનનું જીયદાન છે. **સંતુષ્ટતા ધારણ કરનાર સ્વથી સંતુષ્ટ, પરિવારથી સંતુષ્ટ અને પરિવાર તેનાથી સંતુષ્ટ બને છે.** સંતુષ્ટતા એ શ્રેષ્ઠ આત્માનું સ્વરૂપ છે. સંતુષ્ટ આત્મા બાપથી પણ પૂર્ણ સંતુષ્ટ હોય છે. જેવો સમય જેવી પરિસ્થિતિ તે પ્રમાણે સંતુષ્ટ રહેવું.

સંતુષ્ટ આત્માની જીવન જરૂરિયાતો ઓછી હોય છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તે સંતુષ્ટ રહી શકે છે. આજે જે વિકારોની વૃદ્ધિ થઈ છે. ધન, સત્તાનો લોભ વધ્યો છે તેનું કારણ અસંતુષ્ટતા છે.

વર્ષો પહેલાં ગામડાઓમાં રહેતા લોકો સાદગીપૂર્ણ જીવનને કારણે સંતુષ્ટ રહેતા હતા. તેથી ફાલતૂ ખર્ચ ન કરવાને કારણે તેમની પાસે પૈસા બચતા હતા. તેનો ઉપયોગ કોઈની માંદગી યા અન્ય ગંભીર બાબતોમાં તેઓ કરતા હતા.

સ્વાતંત્ર્ય સંગ્રામ વખતના નેતાઓને ધનનો, સત્તાનો મોહ નહોતો એટલે સંતુષ્ટ રહી શકતા હતા. તેથી દેશની સારી સેવા કરી શકતા હતા. અત્યારના નેતાઓમાં સંતુષ્ટતા ચાલી ગઈ છે એટલે ગમે તે ભોગે ધન એકઠું કરી રહ્યા છે. તેઓની માન-સન્માનની, પ્રસિદ્ધિની ભૂખ એટલી વધી છે કે તેઓ સંતુષ્ટ રહી શકતા નથી.


પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતા બ્રહ્માવત્સો સંતુષ્ટ

**(અનુસંધાન પેજ નં. 06 પર)**

## ક્રોધમુક્તની સાથે જૂના સ્વભાવ સંસ્કારથી મુક્ત બનો

# અલૌકિક મસ્તીમાં રહો

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણે સૌ બ્રહ્મા-બાબાના બ્રહ્મા પુત્ર છીએ, મહાવીર યા પાંડવ છીએ. તો એવું સૌ પોતાને જાણો છો, માનો છો કે આપણે એ જ કલ્પ પહેલાંના પાંડવ છીએ? પાંડવ પ્રીતબુદ્ધિ હતા. પાંડવનું જ ગાયન છે કે ભગવાને પૂછ્યું, પાંડવ, તમારે શું જોઈએ? તો પાંડવો એ કહ્યું અમારે તો આપ જોઈએ. અને કૌરવોને જોઈએ માયા. તો પાંડવ એને કહેવાય જેને અહીં ત્યાં-જ્યાં એક બાબા જ દેખાય દે. બાબા સિવાય કંઈ બુદ્ધિમાં યાદ ન રહે. જે પ્રીતબુદ્ધિ છે એનું નામ છે પાંડવ. બીજા પાંડવ એ છે કે જેમણે તપોવનમાં રહીને ચૌદ વર્ષ સુધી તપસ્યા કરી છે. તો આપણે સદૈવ એ યાદ રાખવાનું છે કે આપણે છીએ ઋષિકુમાર. પહેલું લક્ષ્ય એ છે કે આપણે અહીં તપસ્યા કરવા માટે અહીં બેઠા છીએ. જૂની દુનિયાથી મુક્ત થયા છીએ. સમગ્ર વિશ્વને યોગદાન આપનારા છીએ. એટલે આપણા સૌનું નામ છે વિશ્વ કલ્યાણકારી. આપણે સ્વના કલ્યાણકારી છીએ. સાથે-સાથે સર્વના પણ કલ્યાણકારી છીએ. આ શુભસંકલ્પ સાથે આ જીવન ઈશ્વરીય સેવામાં આપ્યું છે. એટલે આપણે જેટલી જેટલી તપસ્યા કરીશું એટલા એટલા સંપન્ન બનીશું. તો આપણું મૂળ લક્ષ્ય છે તપસ્યા. તપસ્યાની સાથે એ પણ છે કે આપણે હઠયોગી નથી, રાજયોગી છીએ. તો સહજ રાજયોગીઓને કર્મ કરતાં એ યાદ રહે, સંબંધ રહે, એટેન્શન રહે કે આપણો અભ્યાસ સદાયે ચાલતો રહે. બીજું આપણે બહિર્મુખતાથી મુક્ત થઈએ. આપણને અંતર્મુખતામાં રહેવાનો મંત્ર મળ્યો છે. દુનિયા દરેક કર્મમાં બહિર્મુખી છે. આપણે બહિર્મુખતામાંથી નીકળીને અંતર્મુખી બન્યા છીએ. તો અંતર્મુખી સદા સુખી રહે છે. અંતર્મુખી બનીને આદિથી અંત સુધી પુરુષાર્થ કર્યો છે. તો પુરુષાર્થ કરીને જ્યાં પહોંચવાનું છે તે લક્ષ્ય યાદ કરો. આપણને એ લક્ષ્ય રહે છે કે આપણે બાબાની સેવા કરવા માટે અહીં આવ્યા છીએ. એવું લક્ષ્ય છે કે આપણે યોગી છીએ, તપસ્વી છીએ તો અત્યારે એવી સ્થિતિ હોય જે પોતાના પુરુષાર્થથી સ્વયં સંતુષ્ટ રહે, સાથી પણ સંતુષ્ટ રહે, બાબા પણ સંતુષ્ટ રહે.

તો ચેક કરો સ્વપ્રિય છીએ? બેહદ પરિવારના પ્રિય છીએ? બાપદાદાના પ્રિય છીએ? દિલ પસંદ છીએ, લોક પસંદ છીએ યા બાબા પસંદ છીએ? શું છીએ તેનો ચાર્ટ ચેક કરો. અત્યારે કઈ ખામી છે તે ચેકીંગ કરીને, એટેન્શન આપીને એ ખામીને દૂર કરવાનો સંકલ્પ કરીએ.

સવારથી રાત સુધી અંતર્મુખી રહો. મનના સંકલ્પોથી પણ ચૂપ રહો. સંકલ્પ પર એવો કન્ટ્રોલ હોય કે ઓર્ડર કરો તો સ્ટાર્ટ, સ્ટોપ કહો તો સાયલેન્સમાં ચાલ્યા જાઓ. ત્યારે જ સાચી સાયલેન્સની શક્તિનો અનુભવ કરી શકશે. એવા ઉડી જાઓ કે અવ્યક્ત વતનની સૈર કરો. તો એવી અખંડ, અચલ, અટલ સ્થિતિનો અનુભવ કરીને જાઓ. એવી મનની સ્થિતિ, સંસ્કારોની સ્થિતિ, સંકલ્પોની સ્થિતિ લઈને જાઓ તો કહીશું માસ્ટર સર્વશક્તિમાન છે, ફોલો ફાધર છે.

આપણા આ સમર્પિત જીવનનું લક્ષ્ય કયું છે? લક્ષણો કેવાં છે? મર્યાદા શું છે? ચારિત્ર્ય શું છે? તો સર્વ પાક્કુ જીવનમાં ધારણ કરીને જાઓ. આપણે માત્ર ક્રોધ મુક્ત બનવાનું નથી. પણ જૂના સંસ્કારોથી પણ મુક્ત થવાનું છે એને કહેવાય છે માયાજીત બનો. અથવા પોતાના સ્વભાવ, સંસ્કાર, સંકલ્પ, જૂનાં ત્રેસઠ જન્મોનાં ખાતાં ચૂક્તે કરીને જાઓ. અત્યાર સુધી ક્રોધમુક્ત બનવાનો પુરુષાર્થ કર્યો હવે જૂના સંસ્કારોથી મુક્ત થવાનો પુરુષાર્થ કરો. સાયલેન્સમાં રહ્યા પછી પણ ક્યારેક અનુભવ થશે કે ઘણી સારી સ્થિતિ, અતીન્દ્રિય સુખની લહેરોમાં લહેરાઈ રહ્યા છીએ. વિજયી રત્ન બનવું એનું નામ છે નિર્વિઘ્ન યોગી. એના માટે હંમેશાં એ જ્ઞાનની મસ્તીમાં, ચાહે સેવાની મસ્તીમાં, ચાહે બાબાની યાદની મસ્તીમાં, ચાહે ઉડતી કલાની મસ્તીમાં મસ્ત રહો અને સદા ઉમંગ ઉત્સાહની પાંખે ઉડતા રહો. આ વિધિ છે. ક્યારેક જીવનમાં મસ્તી નહીં, ઉમંગ નહીં તો સમજો માયા આવી છે. સદા ઉમંગ, ઉત્સાહ મસ્તી ચઢેલી રહેવી જોઈએ. મસ્તી રહેશે તો માયા આવશે નહીં. જ્ઞાનની મસ્તી, યાદની મસ્તી, સેવાની મસ્તી, બાબા મિલનની મસ્તી, ઈશ્વરીય પરિવારની મસ્તી, સંગઠનની મસ્તી, સહયોગની મસ્તી આપણી મસ્તી છે તેમાં મસ્ત રહો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)...જીવનમાં આવનારાં**

શક્તિશાળી બનાવવાની છે કે શરીરનો કર્મભોગ આત્માના યોગબળને હલાવી ન શકે. એટલું યોગબળ જમા કરવાનું છે. તો બાબાની સકાશથી અંદર આત્મામાં બળ જમા કરતા જઈએ, જેથી આ અંતિમ પેપરોમાં સહજતાથી પાસ થઈ જઈએ.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 04નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

હોય છે. પ્રજાપિતા બ્રહ્મા, માતેશ્વરી જગદંબા સરસ્વતી અને વરિષ્ઠ દાદીઓ અને દાદાઓએ સંતુષ્ટતાનો એવો પાઠ ભણાવ્યો છે કે **'બેગરી પાર્ટ'**માં સૌ સંતુષ્ટતા પૂર્ણ જીવન જીવતા હતાં. બ્રહ્માકુમારી બહેનોની સેવા, સાદગી અને સંતુષ્ટતા અવર્ણનીય છે.

મીઠા બાબા કહે છે, 'સંતુષ્ટતા બ્રાહ્મણોનું વિશેષ લક્ષણ છે. જે પણ પાર્ટ મળ્યો છે એમાં સંતુષ્ટ રહેવું એ જ આગળ વધવું છે. કંઈ પણ ઉપરનીચે થઈ જાય, કોઈ ઈન્સલ્ટ કરી દે, પરંતુ દાતાનાં બાળકો કદી કોઈ પણ વાતમાં અસંતુષ્ટ થઈ શકતા નથી. તે સ્વયંથી પણ સંતુષ્ટ અને બીજાઓથી પણ સંતુષ્ટ રહેશે. એટલે દૃઢતા સંપન્ન સંકલ્પ કરો કે ગમે તેટલું મોટું પેપર આવી જાય પણ માટે સંતુષ્ટ રહેવું જ છે.

આપ પણ સદા સંતુષ્ટ રહીને સર્વને સંતુષ્ટ કરો એવી શુભેચ્છા.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 15નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**


કરો છો? થોડો આરામ તો કરો. આખો દિવસ કેટલા દોડતા રહો છો. છતાં બાળકો નારાજ થઈ જાય છે. તેઓ માતાપિતાનું સન્માન કરતાં નથી. તેઓ પોતાની જ દુનિયામાં રહે છે, માતાપિતા તરફ ધ્યાન આપતા નથી.

નાની નાની વાતોમાં એટલી અપેક્ષાઓ છે કે તે પૂરી થતી નથી. તો આ સંબંધો માટે સવાલ પેદા થાય છે. બસ આ સવાલ અને વિચારથી બચવાનું હોય છે.

**॥ઓમશાંતિ ॥**

# પરમાત્મ ઉર્જા

## રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



પહેલી જે સ્ટેજ હોય છે તેમાં પુરુષાર્થ કરવાનો છે. દરેક પગલે એ વિચારવાનું છે કે આ રાઈટ છે કે રોંગ. આ આપણો સંયમ છે કે નહીં? જ્યારે સ્વયંની સ્મૃતિમાં સદા રહે છે તો નેચરલ બની જાય છે. પછી એ વિચારવાની આવશ્યકતા રહેતી નથી. ક્યારેય કોઈ કર્મ સંયમ વગર થઈ ના શકે. જેમ સાકારમાં સ્વયંના નશાથી રહેવાને કારણે ઓથોરિટીથી કહી શકતા હતા કે જો સાકારથી કોઈ ઉલટું કાર્ય થઈ ગયું તો શિવબાબા એને સુલટું કરી દેશે. આ ઓથોરિટી છે ને. આટલી ઓથોરિટી કઈ રીતે રહી? સ્વયંના નશાથી. સ્વયં સ્મૃતિ સ્વરૂપ રહેવાથી આ નશો રહે છે કે કોઈપણ કર્મ ઉલટું થઈ ના શકે. આવો નશો નંબરવાર સૌમાં રહેવો જોઈએ.

જ્યારે ફોલો ફાધર છીએ તો ફોલો કરનારાઓની આ સ્ટેજ નહીં આવે. એમને પણ ફોલો કરશોને. સાકાર રૂપ છતાં પણ પહેલો આત્મા છે. જે પ્રથમ આત્માઓ નિમિત્ત બનીને દેખાડ્યું. બ્રહ્માબાબાને સેકંડ, થર્ડ જે નંબર વાર આત્માઓ છે તે સર્વ વાતોમાં ફોલો કરી શકે છે. નિરાકાર સ્વરૂપની વાત અલગ છે. સાકારમાં નિમિત્ત બનીને જે કરી બતાવ્યું તે સૌ ફોલો કરી શકો છો. નંબરવાર પુરુષાર્થ અનુસાર. એને કહેવાય છે આપસમાં નિશ્ચયબુદ્ધિ. જેમ બાપમાં 100 ટકા નિશ્ચયબુદ્ધિ બનીએ છીએ. તો બાપની સાથે સાથે સ્વયંમાં એટલા નિશ્ચયબુદ્ધિ જરૂર બને. સ્વયંની સ્મૃતિનો નશો કેટલો રહે છે? જેમ સાકાર રૂપમાં નિમિત્ત બની દરેક કર્મ સંયમના રૂપે કરીને બતાવ્યું. એ રીતે આપ લોકોએ પ્રેક્ટિકલમાં ફોલો કરવાના છે. એવી સ્ટેજ છે? જેમ કે ગાડી બરાબર યોગ્ય પાટા ઉપર ચાલે છે તો નિશ્ચય રહે છે. અકસ્માત થઈ શકતો નથી. બેફિક્ર બનીને ચલાવતા રહેશો. જો સ્વયંની સ્મૃતિનો નશો છે, ફાઉન્ડેશન બરાબર છે તો કર્મ અને વચન સંયમ વિના થઈ શકતાં નથી. આવી સ્ટેજ સમીપ આવી રહી છે. એને જ કહેવાય છે સંપૂર્ણ સ્ટેજની સમીપ. આ સ્વમાનમાં સ્થિત થવાથી અભિમાન નહીં આવે.


જેટલું સ્વમાન એટલી નિર્માણતા. એટલે એમને અભિમાન નહીં રહે. જેમ નિશ્ચય છે તો વિજય અવશ્ય છે. એવી રીતે આવા નિશ્ચય બુદ્ધિનાં દરેક કર્મમાં વિજય છે. એ રીતે સ્વયંને ચેક કરો. ક્યાં સુધી આ સ્ટેજની નજીક છીએ? જો આપ લોકો નજીક આવશો તો બીજાને નજીક લાવશો. દિન પ્રતિદિન સ્વયંમાં પરિવર્તનનો અનુભવ થતો રહેશે. પુરુષાર્થને વેરીફાઈ કરાવવો, એક બીજાને રિગાર્ડ આપવો એ બીજી વાત છે. બાપ પણ બાળકોને રિગાર્ડ આપીને રાય સલાહ આપે છે ને.

એવી સ્ટેજને જોવાની છે કે કેટલી નજીક છે? પછી એ સંકલ્પ નહીં આવે કે આ રાઈટ છે કે રોંગ છે. આ સંકલ્પ બંધ થઈ જશે. કારણ કે માસ્ટર નોલેજફુલ છો. સ્વયંના નશામાં કદી ઓટ આવવી જોઈએ નહીં. કારોબારમાં સંયમ પ્રમાણે એકબીજાને રિગાર્ડ આપવો. આ પણ એક સંયમછે. આવી સ્ટેજ છે. બ્રહ્મા બાબાને આપણે

(અનુસંધાન પેજ નં. 10 પર)

# અંદરના કડવા પણને સમાપ્ત કરી મીઠા બનો તો
# વિજયી રત્નોમાં આવી જશો

## રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણ બ્રાહ્મણોનું કુળ, રીતિ - રસમ - રિવાજ સર્વ દુનિયાથી ન્યારા છે. એટલે દુનિયા તેનું કામ કરે આપણે આપણું કામ કરીએ. આપણને જૂની દુનિયા ભૂલવી પડતી નથી. પણ ભૂલાય ગઈ છે. જૂની દુનિયા ભૂલવા ઈચ્છે પણ ન ભૂલે અર્થાત્ મોટું કર્મબંધન છે. આ બંધનને કાપો. બ્રાહ્મણ અર્થાત્ જે શુદ્ધિ અને વિધિ પ્રમાણે ચાલે. જે આપણા નિયમો છે, મર્યાદાઓ છે, નિયમ છે એ પ્રમાણે જે ચાલે છે. તો તે વિધિ અને સિદ્ધિ બંધનને ખતમ કરી દે છે. તો તે વિધિ અને સિદ્ધિ બંધનને ખતમ કરી દે છે. જરા પણ બંધન ન રહે એ પછીથી જ બાબા પાસેથી મુક્તિ અને જીવનમુક્તિનો વારસો મેળવી શકો છો. મુક્તિધામ જતાં પહેલાં સૌથી મુક્ત બની જાઉં. કોઈ કહે કે મારો કોઈમાં મોહ નથી. પણ એમનો મારામાં કોઈ શા માટે ખેંચે. અગર એમને ભગવાનના બનવું છે તો ભલે બને. સમગ્ર સંસાર માટે મારી શુભભાવના છે, એના માટે પણ બાકી મુજ આત્માનો કોઈ હિસાબ-કિતાબ નથી. પછી ખુશીનો પારો ચઢશે. બાબાના વારસાના અધિકારી બની શકીશું. ઓટોમેટીકલી બુદ્ધિ જશે કે બાબા લેવા આવ્યા છે.

બાબાએ આપણ સૌને કામ સોંપ્યું છે, ક્રોધમુક્ત બનવાનું છે. તો જે વર્ષમાં બાબા જે કામ સોંપે છે. તો હું પર્સનલ અંદર એવું સમજું છું કે હું બાબાની આગળ એ ન કહું કે ધ્યાન ઓછું આપ્યું તો શરમ આવશે. કદી આપણે કારણ ન બતાવીએ કે આ કારણ હતું. એટલા માટે હું ગુસ્સામાં આવી ગઈ. બાબાએ જે કામ સોંપ્યું છે એ લીસ્ટ પરધ્યાન રહે. ચાર વાતો બુદ્ધિમાં આવી ગઈ.

1) જો રુહાની રાહતમાં રહેવાનો રસ છે તો અંદરથી સ્વયં માટે ઘણા મીઠા બની જઈએ છીએ. જેટલો જે વૃદ્ધ બને છે તો એનામાં બાળપણના ખેલ યા જવાનીનું જોશ હોતું નથી. બાળપણ અર્થાત્ અપસેટ બનવું. જવાની અર્થાત્ આ આવું કેમ કરે છે, એણે આવું નહીં કરવું જોઈએ. કોઈની વાત સારી લાગતી નથી. બાબાના દરેક બાળકો સારા છે. સૌમાં કોઈને કોઈ વિશેષતા છે. વિશેષતા જોવાથી મીઠા બની જઈએ છીએ. જે ગંભીર, શાણા છે તે દરેકને પોતાની ફેમીલીનો સભ્ય સમજે છે. પોતાનાપણાથી જુએ છે. બહારવાળા નથી, પોતાના છે. પોતાનાપણામાં મીઠાશ છે. પ્રેમ જન્મે છે. દરેક જે સેવા કરી રહ્યા છે તે સારી કરી રહ્યા છે. અંદરથી ન બાળપણ ન જવાની છે. બાળપણમાં એક હોય છે બેડ ફીલીંગ બીજી હોય છે સીક ફીલીંગ કોઈ વાત સારી નથી હોતી તો બીમાર પડી જાય છે. મનની બીમારી લાગવાથી બેચેન બની જાય છે. પછી ગુસ્સો આવે છે.

2) આપણી અંદર એ ભાવના હોય કે સૌ સારાં થઈ જશે. આપણે સર્વની દુઆઓ લેવાનું કાર્ય કરતા રહીએ. દુઆઓ મને ખુશ કરશે, મીઠા બનાવશે. બીજાઓની દુઆઓ ત્યારે મળશે જ્યારે આપણે સારાં કામ કરીશું. આપણે સારાં કામ કરતા રહી. બીજા સારું કામ કરે છે એમાં પડવાની જરૂર નથી. શા માટે હું મને કડવો બનાવું.

મારી પાસે જે છે તે બાબાની મદદથી કરી રહીશું. કોઈ કહે છે કે ચાન્સ મળતો નથી, તો ગુસ્સો આવે છે પણ કાર્ય કરવાથી ચાન્સ મળે છે આમ તો કોઈ ચાન્સ આપતું નથી.

3) શીખવાની ભાવના સુખી ને મીઠા બનાવે છે. શીખવાડવાની ભાવના કડવા બનાવે છે. બેસીને એ લીસ્ટ બનાવો કે કડવા શા માટે બન્યા. મીઠા કઈ રીતે બની શકીએ. જ્યાંથી શિખામણ મળે ત્યાંથી સ્વીકારીને તેને ગળાનો હાર સમજીને સ્વીકારશો તો ખુશ રહેશો. અગર એ વિચાર્યું કે મને આ શિખામણ શા માટે મળી તો ગુસ્સો આવશે. વિચારીશું મારી વિરુદ્ધ ફરિયાદ ગઈ છે. તમે માનો છો કે મારી ભૂલ નથી છતાં શિખામણ એ શિખામણ જ છે. આગળ જતાં કામમાં આવશે તો ગુસ્સો કરવાની શી જરૂર છે. હું મજબૂત બનું. આપણો નિર્બંધન, હર્ષિતમુખ ચહેરો અનેકોની સેવા કરે છે. દરેકમાં પોતાની વિશેષતા છે.

4) દરેકને રિગાર્ડ આપો. પ્રેમ આપશો તો પ્રેમ મળશે. આપણે કહીએ કે મને પ્રેમ મળતો નથી. ઘડો ઊંધો કરી દો અને કહો કે મને પાણી મળતું નથી. અરે ઘડો તો સીધો સાફ રાખો. યોગનો અર્થ છે દિમાગની ધોલાઈ. ધોલાઈ કરતાનથી તો બાબા જે આપે છે તેનાથી ન તો સ્વયંને તાકાત મળે છે ન બીજાઓને. તો મીઠા કઈ રીતે બનશો. એટલા માટે બાબા આપણને અમૃત કળશ આપે છે. આપણે સ્વયંને મીઠા બનાવીશું તો મુખને બદલે આપણાં નયન બોલવા લાગશે. વચન મીઠાં હોય, શાંત અને શીતળ હોય. તે ત્યારે થઈ શકે છે જ્યારે બુદ્ધિ શાંત અને શીતળ બને. ઊંચ કુળવાળા અંદર શાંત, શુદ્ધ, સતોગુણી બુદ્ધિથી, રુહાની રાહતમાં રહેવાથી બની શકે છે. મારો અવાજ મોટો થતો તો નુકસાન મને થયું. એમાં વિજય શકીશું.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 11નું અનુસંધાન)... જવાબદારીઓને


જશે. તો જવાબદારીઓને ખેલ સમજીને, પોતાનું શ્રેષ્ઠ ભાગ્ય સમજીને, પોતાની યોગ્યતા સમજીને એનો આનંદ લો. ભગવાન જવાબદારી આપે છે તો સાથે સાથે જવાબદારી નિભાવવાનું બળ પણ આપે છે. તેથી ઘણા હળવા બની જાઓ. જેટલા આપણે હળવા રહીશું તેટલી જવાબદારીઓ સહજ પૂર્ણ થઈ જશે. આપણે સફળતાને પ્રાપ્ત કરીશું. આપણે ચિંતન કરીએ કે જે જવાબદારી આપણને મળી છે, જેને આપણે નિભાવી રહ્યા છીએ. એમાં તકલીફો તો આવશે તેથી આપણે હાર-જીત, સફળતા-અસફળતાનો સામનો પણ કરવો પડે છે. એટલે ભગવાન આપણા સાથી છે. યાદ રાખો કલ્પ કલ્પ આપણે જવાબદારીઓને પૂર્ણ કરી છે. સફળતા પ્રાપ્ત કરી છે. હવે સફળતા અમારી જ હશે.

આજ સુધીનું એ પરિણામ જોવા મળે છે કે જે બાબાને સાથે લઈને ચાલે છે. કરન કરાવનહારની સ્મૃતિમાં રહીને કાર્ય કરે છે. બાબા એમના સાથી બની જાય છે. મેં કેટલીયે જગાએ જોયું છે કે સેવાકેન્દ્રનું મકાન બનાવવાનું તો શરૂ કર્યું પણ પૈસા ક્યાંથી આવશે. ક્લાસનાં ભાઈઓ બહેનો કહે છે, બહેન, મકાન થઈ જશે. બધાએ હિંમત વધારી, ઉમંગ-ઉત્સાહ વધાર્યો, એક સુંદર સેવાકેન્દ્ર બનીને તૈયાર થઈ ગયું. તો આપણે સ્વયંમાં વિશ્વાસ, બાબામાં વિશ્વાસ, ઈશ્વરીય પરિવારમાં વિશ્વાસ રાખીને જવાબદારીનું વહન કરવું જોઈએ. બસ આપણે એ શીખ લેવાની છે કે આપણે આપણું સંગઠન કઈ રીતે તૈયાર કરવાનું છે. કઈ રીતે તેમાં બળ ભરવાનું છે. તો ખરેખર જવાબદારીઓ આપણને શક્તિશાળી બનાવશે, અનુભવી બનાવશે. આપણો વિવેક જગાવશે.

॥ ઓમશાંતિ ॥

# વિચાર આચરણનું મૂળ છે

## બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



કયા વિચારો આવવા જોઈએ અને કયા વિચારો નહીં આવવા જોઈએ. કયા પોઝીટીવ વિચાર છે, કયા નેગેટીવ વિચાર છે. શુભ વિચાર કયા છે ને અશુભ વિચાર કયા છે. કલ્યાણકારી વિચાર કયા છે અને અકલ્યાણકારી વિચાર કયા છે, એનું જ્ઞાન હોવું જોઈએ. કહેવાયું છે કે **વિચાર આચરણનું મૂળ છે.** જેવું વિચારશો તેવા બનશો. એટલા માટે બાબા આપણા વિચારોને બદલે છે. વિચારને બદલવા માટે બાબા બીજા વિચાર આપેછે. જેમ કે કાંટાથી, કાંટો નીકળે છે. સોંય પણ એક કાંટો જ છે. તે કાંટો કુદરત સર્જિત છે. અને આ મનુષ્ય સર્જિત છે.

એ રીતે વિચારને બદલવા માટે જ સારા વિચાર જોઈએ. બાબા આપણને વિચાર આપે છે જેને આપણે શુભ સંકલ્પ, શ્રેષ્ઠ સંકલ્પ કહીએ છીએ. બાબાની મુરલીઓ શું છે? આ સૌ શ્રેષ્ઠ વિચારછે. શુભ સંકલ્પ છે. સકારાત્મક વિચાર છે. આ વંડરફુલ (સ્વર્ણિમ વિચાર) થાટ છે. બાબાની બધી શિક્ષાઓ શું છે? શ્રેષ્ઠ વિચારોનો સમૂહ છે. શુભ વિચારોનો સંગ્રહ છે. બાબા કયા વિચાર આપે છે? હું આત્મા છું. હું આત્મા જ્યોતિર્બિન્દુ છું. પહેલાં આપણા વિચાર કેવા હતા. હું શરીરછું. હું સ્ત્રી છું, હું પુરુષ છું. ફલાણા દેશનો રહેવાસી છું. હવે બાબાએ કયા વિચાર આપ્યા. હું આત્મા છું. નિરાકાર છું. પરમધામનો રહેવાસી છું. હું પુરુષ કે સ્ત્રી નથી. હું જ્યોતિર્બિંદુ આત્મા છું. નકામા વિચારોને દૂર કરવા બાબાએ આપણને શ્રેષ્ઠ વિચારો આપ્યા. પહેલાંના વિચારોથી કર્મ બગડી ગયાં હતાં, સંસાર ખરાબ બન્યો હતો એને જ્યાં સુધી કાઢશો નહીં ત્યાં સુધી સંસાર સારો કઈ રીતે બની શકશે? આપણને બાબાએ જે શ્રેષ્ઠ વિચાર આપ્યા છે તેનું નામ છે 'જ્ઞાન' એને આપણે કહીએ છીએ શિક્ષા. બાબા સદા સંગ રહે, તમારી શિક્ષા.

અત્યાર સુધી આપણે લૌકિક પિતાને જ પિતા સમજ બેઠા હતા. હવે ખબર પડી કે તેઓ શરીરના પિતા છે. મુજ આત્માના પિતા તો પરમાત્મા છે. બાબાના જ્ઞાનથી આપણા વિચાર બદલાય ગયા. વિચાર બદલવાથી કર્મ બદલાય ગયા. બાબાએ આપણું જીવન બદલી દીધું. આપણને પદ્માપદ્મ ભાગ્યશાળી બનાવી દીધા.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 22નું અનુસંધાન)... ભગવાને ખેંચી **ભૂમિકા ભજવી રહ્યા છે છતાં કુદરતની મર્યાદામાં રહીને. આપણે પણ ધૃતરાષ્ટ્ર બની સંજયને પૂછવા કરતા અર્જુન બની આપણને મળેલી ભૂમિકાને યથાર્થ રીતે ભજવી બાપ સમાન મર્યાદાનું પાલન કરી મર્યાદા પુરુષોત્તમ બનીએ. એ જ પરમાત્મ પાલનાનું રીટર્ન હશે.** ઓમશાંતિ ॥


---

(પેજ નં. 07નું અનુસંધાન)... પરમાત્મ ઉર્જા

એક સેમ્પલના રૂપમાં જોઈએ છીએ ને. તો સાકાર દ્વારા કરવામાં આવતી બાબતોને ફોલો કરવી તો સહજ છે ને? તો આવી સ્ટેજ સમાનતાની આવી રહી છે ને. આવો મહાન અને ગુહ્ય ગતિ વાળો પુરુષાર્થ કરવાનો છે. સાધારણ પુરુષાર્થ નહીં. સાધારણ પુરુષાર્થ તો બાળપણમાં થયો. પણ હવે વિશેષ આત્માઓ માટે વિશેષ છે. **॥ઓમશાંતિ ॥**

# જવાબદારીઓને બોજ ન સમજતાં પોતાનું ભાગ્ય સમજો

## બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



જેના જવાબદાર ભગવાન હોય, તેઓ પરેશાન કઈ રીતે હોઈ શકે છે? જવાબદારી તો દરેક વ્યક્તિ પાસે કંઈકને કંઈક તો અવશ્ય હોય છે. મનુષ્ય કેટલીયે જવાબદારીઓનું રોજ વહન કરે છે. બાળકોને સારી રીતે ભણાવવું એ શિક્ષકની જવાબદારી હોય છે. સારી રીતે ભણવું તે વિદ્યાર્થીઓની જવાબદારી છે. માતા-પિતાની જવાબદારી પોતાનાં સંતાનો માટે હોય છે. આપને બાળકોનાં લગ્ન કરાવવાનાં છે, એની જવાબદારી શિક્ષણ માટે વધારે ખર્ચ થાય તેની જવાબદારી છે. દરેક મનુષ્યની પોતાની શી જવાબદારી છે, ક્યાં ક્યાં કર્તવ્યો છે તે મનુષ્યે સારી રીતે સમજી લેવું જોઈએ. કેટલાકને જવાબદારી બોજપૂર્ણ બનાવી દે છે તો કેટલાકને જવાબદારીઓ આગળ વધારે છે. ઘણું બધું શીખવાડી દે છે, શક્તિશાળી બનાવી દે છે. એટલે જવાબદારીઓ સંભાળવી એ ઘણી મોટી ક્વોલિટી છે. કેટલાક લોકો કહે છે ભાઈ, અમે કામ તો કરીશું પણ જવાબદારી નહીં લઈએ. આ પ્રકારના લોકોને સાધારણ આત્માઓ ગણવામાં આવે છે. જવાબદારી લેનાર આત્મા નેતૃત્ત્વ કરશે. અને તે નેતા બની જશે. જવાબદારીને સફળ બનાવવી તે પણ આપણા હાથની વાત છે. તે માટે આપણો સ્વભાવ બહુ સ્વીટ હોવો જોઈએ. આપણામાં અભિમાન ન હોવું જોઈએ. આપણામાં કાર્ય કરવાની તત્પરતા હોવી જોઈએ. આપણામાં બેદરકારી ન હોય તો આપણી ટીમ પણ એવી બની જશે તે આપણને સુખ આપનારી બની જશે. પરંતુ જવાબદારીઓને બોજ બનવા ન દેશો.

બાબા કહ્યા કરતા હતા કે બાળકોને જવાબદારીઓ આપીએ છીએ પરંતુ જે બાળકો પોતાની જવાબદારીનો બાપને અર્પિત કરીને ટ્રસ્ટી બનીને જવાબદારીઓ પૂર્ણ કરે છે તે સફળ થાય છે. ભગવાને તો આપણને મોટી મોટી જવાબદારીઓ આપી છે. વિશ્વને બદલવાનું છે. સંસારને ભગવાનનો સંદેશ આપવાનો છે. લાખો - કરોડો લોકોના જીવનને સુંદર બનાવવાનું છે. મનુષ્યને દેવત્વ તરફ લઈ જવાના છે. અને તમારી પોતાના માટે મોટી જવાબદારીઓ છે. પરિવાર, સમાજ અને વિશ્વના માટે. જ્યારે નોકરી કરીએ છીએ તો ત્યાં જે કામ સોંપવામાં આવે છે તેની જવાબદારી છે. આપે ચાર કલાકમાં એક કામ પૂર્ણ કરવાનું છે તે આપની જવાબદારી છે. હવે આપની મનોસ્થિતિ કેવી હોય છે. આપનું મન તેજ દોડવા લાગે છે. તે કન્ટ્રોલમાં રહે છે? આપ નર્વસ બની જાઓ છો, ધૈર્યવત્ રહો છો? આપની વિવેકશક્તિ સ્ટેબલ રહીને કાર્ય કરે છે, યા ઠીક ઠીક કાર્ય કરે છે. અથવા ઉતાવળમાં આપ ખોટો નિર્ણય કરી બેસો છો. આપ આપની ટીમને એક્ટીવ કરી શકો છો એમના ઉપર ક્રોધ કરો છો યા પ્રેમનું સામ્રાજ્ય. આપનું અભિમાન વચ્ચે આવી રહ્યું છે યા આપની સદ્ભાવનાઓ મુખ્ય રૂપથી પાર્ટ પ્લે કરે છે.

પોતાની જવાબદારીનો આનંદ માણો. યાદ રાખો સર્વશક્તિમાન મારા સાથી છે. હું તો નિમિત્ત છું. કરનહાર છું. કરાવનહાર તો શિવબાબા બેઠા છે. એમની શક્તિથી તમામ કાર્ય સહજ જ પૂર્ણ થઈ

(અનુસંધાન પેજ નં. 09 પર)

# જાગૃત વ્યાપારી બનશે, નિર્ભય, નિશ્ચિત

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



વ્યાપારી ભાઈ-બહેનોમાં અનુભવની સૂઝ અને સામાન્ય વિવેકની વિશેષતા ઘણી સારી હોય છે. પરંતુ અંધશ્રધ્ધાથી પણ મુક્ત થવું ઘણું જરૂરી છે. અવારનવાર વ્યાપારી સમાજમાં એવી ઘટનાઓ બને છે કે આપણે વિચારમાં પડી જઈએ છીએ કે વ્યાપારીમાં આટલી શંકા, વહેમ છે. બાળકો સહિત પરિવાર આત્મહત્યા કરે છે. વ્યાપારમાં સફળ થવા માટે અનુચિત માર્ગ અપનાવે છે પછી તનાવગ્રસ્ત - ભયભીત બને છે.

કેટલાકને સમાજનો ભય હોય છે કે લોકો શું કહેશે? નાનો ધંધો કરવામાં પોતાની આબરૂ ઓછી તો નહીં થાય ને? એવું વિચારતા રહે છે. આપણે શરીર નિર્વાહ માટે, સામાન્ય કક્ષાનું પણ કામ કરવા તૈયાર રહેવું જોઈએ. હલકું યા નીચ કામ ના કરીએ. કોઈપણ પ્રકારની મહેનત કરવામાં શરમ ના અનુભવવી જોઈએ. જૂઠ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત, ભેળસેળ, બનાવટ ના કરીએ. લોકોનું સ્વાસ્થ્ય, એમની મનોસ્થિતિ, એમના સંસ્કાર બગાડવાનું કામ ના કરીએ. બાકી દરેક પ્રકારની મહેનત કરીને, વ્યાપાર કરવાની હિંમત તો કરવી જોઈએ.

કેટલાક પ્રકૃતિથી ડરતા રહે છે. ફલાણા ગ્રહની દશા ચાલી રહી છે. આ નક્ષત્ર ઠીક નથી. આ પ્રહરમાં કામ કરવું યોગ્ય નથી. વાસ્તવમાં પ્રકૃતિ પણ આપણ પુરુષ આત્માઓનું અનુસરણ કરે છે. સમય પણ માનવ સાથે જોડાયેલું એક પરિબળ છે. જ્યારે આપણે સાચા છીએ તો એ સમય મર્યાદાને સતયુગ કહેવામાં આવે છે. જ્યારે આપણે મનુષ્ય આત્માઓ શ્રેષ્ઠ છીએ તો પ્રકૃતિ પણ સતોપ્રધાન બને છે. જ્યારે આપણે જૂઠા, ભ્રષ્ટ બની જઈએ છીએ ત્યારે પ્રકૃતિ પણ તમોપ્રધાન બની જાય છે. આપણે આપણા જીવનની મર્યાદાઓ, નિયમ પ્રમાણે ચાલતા નથી તો પ્રકૃતિ પણ નિયમ, મર્યાદામાં કામ કરતી નથી. સંસારનો ખેલ પુરુષ (ચૈતન્યશક્તિ આત્મા) અને પ્રકૃતિનાં પાંચ તત્ત્વોનો બનેલો છે. પુરુષ સત્ય છે, ચૈતન્ય છે. જ્યારે પ્રકૃતિ સત્ય છે, ચૈતન્ય નથી. નિઃસંદેહ પ્રકૃતિમાં ચેતના છે પણ ચૈતન્યતા નથી. તો આપણે આ ગ્રહ, નક્ષત્ર, રાશિ વગેરેથી ડરવું જોઈએ નહીં. પરંતુ આપણે આપણા મન, વચન, કર્મ, ભાવ, ભાવના, સ્મૃતિ, વૃત્તિ, દૃષ્ટિ, સત્ય અને શુદ્ધ, શ્રેષ્ઠ બનાવે છે.

કેટલાક વ્યાપારી બીજાઓની મેલી, બૂરી વિદ્યાના મંત્ર-તંત્રના પ્રયોગથી ડરે છે. પરંતુ આપણે પહેલાં ધ્યાન રાખવાનું છે કે જો આપણે કોઈની સાથે ખોટો હિસાબ-કિતાબ બનાવતા નથી તો કોઈ આપણી સાથે ખરાબ વ્યવહાર કરી શકે નહીં. આપણે આપણા ધન, સાધન યા વૈભવનું એટલું પ્રદર્શન ના કરીએ જેથી બીજાઓ માટે ઈર્ષ્યા - દ્વેષનું કારણ બની જઈએ. આપણે આપણો વ્યવહાર સાદો, સરળ, સાત્ત્વિક રાખીએ અને પોતાનામાં આધ્યાત્મિક બળ તથા ઉચ્ચ મનોબળ બનાવી રાખીએ અને સાચા યોગી બની પ્રભુ સાથે મન, બુદ્ધિનું જોડાણ જાળવી રાખીએ. તો આપણે સર્વ રીતે સલામત રહી શકીએ છીએ.

કેટલાક વ્યાપારી ભૂતપ્રેતની વાતોથી ડરે છે.

**(અનુસંધાન પેજ નં. 29 પર)**

# જીવનમાં આવનારાં પેપરને પાર કરવાની યુક્તિ

## બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



જેમ જેમ આપણે અંતિમ સમયની તરફ આગળ વધી રહ્યા છીએ તો એ સ્વાભાવિક છે કે બે વાતોનાં પેપર વિશેષ આપણી સામે આવશે. આ દરેક બ્રહ્માવત્સે ક્રોસ કરવાનાં છે.

આ બે પેપરમાંથી એક છે શરીરનું પેપર અર્થાત્ શારીરિક ભોગનાનું. કારણ કે એવાં કેટલાંયે કાર્મિક એકાઉન્ટ આપણે ક્રિયેટ કર્યાં છે કે આ કર્મેન્દ્રિયો દ્વારા તેનો હિસાબ ચૂકવવો પડશે અને બીજું પેપર છે પોતાના સંસ્કારોનું. બાબા કહે છે કે જેમ જેમ અંતિમ સમય આવતો જશે માયા પણ ફુલફોર્સથી આપણી સામે આવશે. આપણી જ કમજોરીના જે સંસ્કાર છે જે આપણે દૂર કર્યા નહીં. દબાવીને રાખ્યા છે તો જેમ જેમ અંતિમ સમય આવશે તો સંસ્કાર ફુલફોર્સથી બહાર આવશે. અને આપણને પરેશાન કરશે. આપણી સ્થિતિને હલચલમાં લાવી દેશે. આ આ બે પેપર સ્વયંનાં છે.

તો જુઓ બહારનાં જે વિઘ્ન આવશે એને દૂર કરવાં સહજ છે. ડ્રામા કલ્યાણકારી છે. એમ કહેવું સહજ છે. પણ સ્વયં જ સ્વયંનું પેપર બની જાય તો? તેનો સામનો કરવો મુશ્કેલ હશે. બહારના કોઈપણ આત્માના સંસ્કાર જોઈને એને યોગનું દાન આપી શકો છો. એમને શાંતિનું દાન આપી શકો છો. યા સાક્ષી બનીને જોવાથી એ સ્થિતિ, પરિસ્થિતિને પાર કરવી સરળ બની જશે. એ સમયે જ્ઞાનનો ઉપયોગ કરવાનું સહજ બની જશે. પણ જ્યારે સ્વયં સામે આ પેપર આવશે જે બાબાએ કહ્યું છે કે ક્યારેક બાળકો અલબેલાપણાને કારણે વિચારે છે કે આ નાની બીમારી છે, કમજોરી છે તો તે સમય આવતાં ઠીક બની જશે. એને આમ કહીને ચલાવી રહ્યા છે. પરંતુ એ ખબર નથી કે સમય આવતાં તે ઠીક થવાને બદલે ફુલફોર્સથી બહાર આવશે અને તેજ આપણા માટે પેપર બની જશે. એટલે બાબા કહે છે કે તમે પોતે તો પોતાની કમજોરી સારી રીતે જાણો છો એ દૂર કરવા બાબા સકાશ આપી રહ્યા છે. પાવરફુલ રેડીએશન આપી રહ્યા છે જે જ્વાલાસ્વરૂપની સ્થિતિથી તે બીજને સળગાવી રહ્યા છે. જેથી તે પેપર બનીને આપણી સામે ન આવે. તો એ સંસ્કારરૂપી બીજને સળગાવી દેવાનુંછે. એના માટે વિશેષ શું જોઈએ? એક તો બેહદની વૈરાગ્યવૃત્તિ જોઈએ ત્યારે જ આપણે આપણા સંસ્કાર બદલી શકીશું.

બાબા કહે છે બાળકો હવે તમે મારી યાદમાં બેસો છો તો આત્મા સમજીને કેટલાય જન્મોનાં પાપકર્મ દગ્ધ થઈ જાય છે. બાબા જે કિરણો આપી રહ્યા છે તેનાથી જૂના સંસ્કારો ભસ્મ કરવાના છે.

બીજું એ કહ્યું કે કોઈને બીમારીનાં પેપર આવશે. તે માટે આપણી પાસે વિશેષ સહનશક્તિ હોવી જોઈએ. સહન કરવાની શક્તિ નહીં હોય તો તડપનનો અનુભવ કરાવશે. આપણી પૂરી અવસ્થાને ડગમગાવી દેશે. આ અવસ્થામાં આપણું શરીર છોડવાનું બન્યું તો આપણે કયું પદ પ્રાપ્ત કરીશું? શહજાદેના રૂપમાં જશો કે પ્રજાના રૂપે. એટલે બાબા કહે છે કે કર્મેન્દ્રિયમાં એટલો પાવર આવી જાય કે તે બીમારી આપણને અંદરથી તકલીફ ન પહોંચાડી શકે. તે આવે અને પોતાનો હિસાબ ચૂકતે કરીને ચાલી જાય. સ્થિતિ એવી

(અનુસંધાન પેજ નં. 06 પર)

### પ્રસન્નતાના પથ પર

# રીલેશનશીપની ઉર્જાનું આદાન પ્રદાન

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણા સૌના જીવનમાં સંબંધો ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. રીલેશનશીપ યા ઉર્જાનું આદાન - પ્રદાન. આપણા સંબંધોમાં પરિવારની સાથે, મિત્રોની સાથે આપણે જે વિચારીએ છીએ, અનુભવ કરીએ છીએ, બોલીએ છીએ, જે વ્યવહાર કરીએ છીએ તે આપણાં સ્પંદન છે. સામેવાળી વ્યક્તિ જે વિચારે છે, મહસૂસ કરે છે, વ્યવહાર કરે છે, તે એનું સ્પંદન છે જે મારા સુધી પહોંચે છે. આ જે ઉર્જાનું આદાન - પ્રદાન છે તેને જ ઉર્જા કહેવાય છે.

સંબંધોએ નથી જે લેબલને કારણે છે. યાની માતા-પિતાના બાળકો સાથે, દોસ્ત-દોસ્તના, પતિ-પત્નીના, પડોસીના પડોસી સાથે જ સંબંધ નથી સંબંધો બે આત્માઓ વચ્ચે ઉર્જાનું આદાન પ્રદાન છે. પછી તે બે આત્માઓ અલગ અલગ ભૂમિકા નિભાવી રહી છે. જેમ કે પિતાની, દોસ્તની. આપણે એવું વિચારીએ છીએ કે સંબંધો એ છે જે બહાર દેખાય છે. મતલબ એકબીજા સાથે આપણે કેવી વાતો કરીએ છીએ, કેવો વ્યવહાર કરીએ છીએ, એકબીજા માટે શું શું કરીએ છીએ. કેટલીક વાર આપણે સ્વયંને એ કહેતાં સાંભળીએ છીએ મેં આ સંબંધ સાચવવા માટે શું કર્યું. આ કેટલું મહત્ત્વપૂર્ણ કથન છે. સામેવાળી વ્યક્તિ કહેશે સંબંધ માટે મેં આ કર્યું, પેલું કર્યું. મેં ના દિવસ જોયો, ના રાત. મેં મારી ક્ષમતાથી વધુ એના માટે કર્યું. મેં મારા વિશે વિચાર્યું નહીં. માત્ર એમના વિશે જ વિચાર્યું. અમારું ફોકસ એ થઈ જાય છે કે અમે એકબીજા માટે શું કર્યું. પણ એ જરૂરી છે કે આપણે એકબીજા માટે શું વિચાર્યું.

સંબંધ એ નથી કે આપણએ એમના માટે શું કરી રહ્યા છીએ. સંબંધ એ છે કે આપણે એમના માટે શું માટે શું કરી રહ્યા છીએ. કારણ કે મન તરફ વધારે ધ્યાન આપતા નથી. સમાજ પણ એ ધ્યાન રાખે છે કે એમણે શું કર્યું, એમના માટે શું કર્યું? મારી સાથે કામ કરનારા માટે મેં શું કર્યું? કંપની માટે શું કર્યું. આપણા સમાજ આપણે શું કર્યું એના ઉપર ધ્યાન આપે છે. સંબંધો જ્યારે શું કર્યું તેનાથી બને છે ત્યારે સંબંધ મજબૂત બનતો નથી.

આપણે આખો દિવસ જે કરીએ છીએ. તે સંબંધો માટે જ કરીએ છીએ. ચાહે ઘરના સંબંધો માટે ચાહે ઓફિસના સંબંધો માટે. આટલું કર્યા પછી, આટલી મહેનત કરી, પોતાનું જીવન એ સંબંધો માટે ખર્ચી દીધા બાદ એ અનુભવ કરીએ છીએ કે આ સંબંધો એટલા મજબૂત નથી. નાની વાતોમાં સંબંધ બગડવા લાગે છે.

આવી નાની નાની વાતોમાં નારાજ શા માટે થઈ જઈએ છીએ. મેં એના માટે આટલું કર્યું પણ એને યાદ જ રહેતું નથી. આ નાનકડી વાત પકડીને બેસી જઈએ છીએ. 'કર્યું' શબ્દ પણ એટલું ધ્યાન છે કે આપણને લાગે છે કે આટલું કરવા છતાં સંબંધો મજબૂત નથી. એટલે આજે થોડું પરિવર્તન કરીએ છીએ. સંબંધ પહેલાં આત્મા સાથે હોય છે. કોઈપણ સંબંધને તપાસો, તો લાગશે જેમાં બંને લોકો વચ્ચે જે સામંજસ્ય, આશાની, ઉર્જાનો ખૂબસૂરત પ્રવાહ હોવો જોઈએ તે નથી.

આપણે સંબંધો સાચવવા ખૂબ કોશિશ કરીએ છીએ. પરંતુ કોઈ ગેરસમજ, કોઈ નારાજગી, કોઈ દુઃખ, કોઈ અધૂરી ઈચ્છા છે. તે શું છે? તેને તપાસવાનું છે. તો એ સંબંધમાં જઈને, એ વ્યક્તિ માટે મનથી નજીક આવો. આપ એ ન જુઓ કે એણે તમારા માટે શું કર્યું છે? પોતાના મનમાં આવીએ. સૌથી પહેલાં એ ચકાસો કે એના માટે આટલું કરવા છતાં મારા મનની સ્થિતિ કેવી રહી? જેમ બાળકો અને માતાપિતા વચ્ચે એક ખૂબસૂરત સંબંધ હોય છે. નિઃસ્વાર્થભાવ, માતાપિતાને બદલામાં કશું જોઈતું નથી.

તેઓ બાળકોને માત્ર આપતાં જ હોય છે. આ ઘણો જ સુંદર નિઃસ્વાર્થ સંબંધ છે. તો એ તપાસો કે કોઈના માટે કંઈ કરતાં તમારા મનની સ્થિતિ કેવી હોય છે. કોઈ પૂછે તમે આટલી મહેનત શા માટે

**(અનુસંધાન પેજ નં. 06 પર)**

(પેજ નં. 33નું અનુસંધાન)... દિવ્યદર્શન

પોતાનો હાથ દાદી પ્રકાશમણિજીના હાથમાં હાથ રાખી દ્રષ્ટિ આપતાં આપતાં અવ્યક્ત વતન વાસી બની ગયા હતા. અને આ રીતે બાબાના શારીરિક સ્થૂળ સાકાર જીવનનો અંત આવ્યો. પરંતુ આજે પણ તેઓ અવ્યક્ત સ્વરૂપે સૂક્ષ્મ દેહથી શારીરિક અને સુષુપ્ત સ્વરૂપ હજુ પણ યથાવત છે. તેમના આદેશો (ઉપદેશો) અને જ્ઞાનની મુરલી આજે પણ વિશ્વના તમામ સેવાકેન્દ્રોમાં ગુંજી રહી છે.

આજના દિવસે આપણે પ્રજાપિતા બ્રહ્માબાબાના માનવતા પ્રત્યેના અથાક પરિશ્રમનું સ્મરણ કરી લઈએ અને સૌમાં નવીન પ્રેરણાનો સંચાર કરીને પિતાશ્રી બ્રહ્માબાબાને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ. શ્રધ્ધાના પુષ્પો સાથે સમર્પણ.

**॥ ઓમશાંતિ ॥**

# ખેલ પૂરા હુઆ, ચલો અબ ઘર ચલે

**બ્ર.કુ. શામભવી, વાવોલ, ગાંધીનગર**

યે દુનિયા કી ચકાચૌંધ સે જબ થક જાઓગે... તબ આઓગે તુમ
ધન-દૌલત, ઘર, ગાડીયા જબ ખુશી નહીં દે પાયેગે... તબ આઓગે તુમ
ઈસ દુનિયા કી હદ કી બાતે જબ તુમ્હેં સંતુષ્ટ નહીં કર પાયેગી... તબ આઓગે તુમ
સબ રિશ્તે નીભાને મેં જબ ખુદ કો મજબૂર પાઓગે... તબ આઓગે તુમ
ખુદ કો પહચાનને કી જબ તડપ જાગેગી... તબ આઓગે તુમ
જબ ઘર આકર ભી ઘર કા સુકુન નહી મીલેગા... તબ આઓગે તુમ
જબ અસલી ઘર યાદ આયેગી... તબ આઓગે તુમ
તુમ હો બેહદ કે, ઈસ હદ મેં સમા નહી પાઓગે,
તુમ ઢુંઢ રહે હો બેહદ, હદ સે ચૈન નહી પાઓગે,
ક્યોંકિ તુમ કૌન હો, યહ તુમ જાનતે હી નહી હો,
જબ યે તડપ બેહદ બઢ જાયેગી, ઈસ દુનિયા સે જબ, તુમ થક જાઓગે,
તબ વો આયેગા, આકર તુમ્હારા હાથ થામેગા ઔર કહેગા...
બચ્ચે તુમ થક ગયે હો ના, અબ યહ ખેલ પૂરા હુઆ, ચલો અબ ઘર ચલે!

**॥ ઓમશાંતિ ॥**

# શતાયુના વરદાની - રાજયોગિની રૂકમણી દાદીજી

## બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



જ્યારે કોઈ વ્યક્તિની ઉંમર અથવા સંસ્થાને પચીસ વર્ષ પૂરા થાય ત્યારે રજત જયંતી ઉજવવામાં આવે છે. તેવી જ રીતે પચાસ વર્ષ પૂર્ણ થવા પર સુવર્ણ જયંતી, સાઈઠ વર્ષ થવા પર ડાયમંડ જ્યુબિલી, પંચોતેર વર્ષ પૂર્ણ થવા પર અમૃત મહોત્સવ અને સો વર્ષ પૂર્ણ થવા પર શતાબ્દી સમારોહનું આયોજન કરવામાં આવે છે. ખરું કહું તો, સો વર્ષની જીંદગી બહુજ થોડી દુર્લભ ભાગ્યશાળી આત્માઓને જ પ્રાપ્ત થાય છે! એવાં સો વસંત જોનારા, દીર્ઘાયુનાં ધણી, જ્ઞાનમાર્ગમાં દસ દાયકાઓની યશસ્વી યાત્રા કરી, ઉંમરના 100મા શિખરને સ્પર્શી જન્મ અને જીવનને સાર્થક કરનાર, શતાયુનાં વરદાનથી સુશોભિત, પદમા-પદમ સૌભાગ્યશાળી પ્રભુરત્ન હતાં.'રાજયોગિની દાદી રૂકમણીજી' 100 વર્ષની સફળ જીવનયાત્રા પૂર્ણ કરવા પર 2 જાન્યુઆરી, 2019ના રોજ શાંતિવનના વિશાળ ડાયમંડ હોલમાં અને તે પહેલા ઓમશાંતિ રિટ્રીટ સેન્ટર, ગુડગાંવ (દિલ્હી)માં દાદીજીનો 100મો જન્મદિવસ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

દાદીજીનો જન્મ 19 નવેમ્બર 1919ના રોજ સિંધના એક ઉચ્ચ સંપન્ન પરિવારમાં થયો હતો. દાદા ઝવેરી હતા. પિતા કાપડના મોટા વેપારી હતા. પાંચ બહેનોમાં ત્રીજા કન્યારત્નને પિતા બાદુરામજીએ નામ આપ્યું 'રૂકમણી'. શિવપિતાએ અવ્યક્ત નામ આપ્યું 'ગુલઝારશાંતા'. રૂકમણી દાદી, ઓલરાઉન્ડર દાદીનાં નાના બહેન અને ગુલઝાર દાદીનાં લૌકિક માસી હતા. ગુલઝાર દાદી સાથે રૂકમણી દાદી પ્રેમથી દિલ્હી ઝોનની દેખરેખ રાખતા. દાદી બાળપણથી જ દિવ્ય બુદ્ધિની ખાણ હતા, તેથી દરેક કાર્ય સરળતાથી કરી લેતા. હાઈસ્કૂલ પછી, દાદીએ ગ્રેજ્યુએશનમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જ્ઞાનમાર્ગ પહેલા તેઓ એક કુશળ શિક્ષિકા અને પત્રકાર પણ હતા.

દાદી રૂકમણીજી એકવાર હૈદરાબાદમાં લગ્નમાં ગયા ત્યારે હૈદરાબાદમાં સત્સંગ ખૂબ જ ધૂમ મચાવી રહ્યો હતો. લોકોમાં ચર્ચા હતી કે આ સત્સંગ બહુ સારો છે, જે ત્યાં જાય છે તેને શાંતિ મળે છે અને સાક્ષાત્કાર થાય છે. દાદીને તેઓ કરાંચીવાળા કહેતા, સંબંધીઓએ કહ્યું, 'કરાંચી-વાસીઓ એક વાર જરૂર આ સત્સંગ જોવે!' દાદીના મામી તેમને સત્સંગમાં લઈ ગયા. પહેલા દિવસે દાદીએ શું જોયું? સત્સંગ ચાલી રહ્યો હતો, બાબા બેસીને ઓમ ધ્વનિ કરી રહ્યા હતા, જે સાંભળતાંજ દાદી અશરીરી થઈ ગયા, તેમને કંઈ ખબર જ ન પડી. બાબાએ સત્સંગ પૂરો કર્યો, આખી સભા ઊઠીને જતી રહી, પણ દાદી દેહની સૂધબુધ ભૂલી ત્યાં જ બેઠાં રહ્યાં. સંબંધીઓ ગભરાઈ ગયા કે આમને શું થઈ ગયું? પહેલા તો આવતી નહોતી, અને હવે ઉઠતી નથી. તેમણે આ વાત બાબાને કરી, પછી બાબાએ આવીને દાદીના માથા પર હાથ મૂક્યો અને કહ્યું, 'દીકરી, દીકરી..' આ પહેલાં, એકવાર દાદી રૂમમાં લૌકિક પિતાની યાદોમાં ખોવાઈ ગયા હતા, ત્યારે દાદીએ વાદળોમાં એક આકૃતિ જોઈ અને અવાજ સાંભળ્યો, 'દીકરી, દીકરી..' દાદીએ આજુબાજુ જોયું તો તેમને કશું દેખાયું નહીં. તેથી દાદીને લાગ્યું

જાણે આકાશમાંથી કોઈ બોલી રહ્યું છે. આ એ જ પ્રેમભર્યા શબ્દો હતા જે બાબાના મુખમાંથી હમણાં જ નીકળ્યા હતા. બાબાએ બોલાવતાં જ દાદીએ આંખો ખોલી. એ વખતે બાબાને ઓમદાદા કહેતા હતા, પણ ઓળખ્યા વગર જ દાદી બોલ્યા, 'બાબા, બાબા..' ત્યારે બાબાએ પણ કહ્યું, 'દીકરી, દીકરી..' ત્યારે દાદીને લાગ્યું કે જાણે તેમનાં ખોવાયેલા પિતા ફરી મળી ગયા. દાદીજીના પિતાનું થોડા સમય પહેલા જ અવસાન થયું હતું. પિતૃવિયોગથી દાદીનાં આંસુ રોકાતા નહોતા. જ્યારે પણ તેઓ કોઈને તેના પિતા સાથે જોતા ત્યારે દાદીને તેમના પિતાની યાદ આવતી. દાદીને કોઈ ફંક્શનમાં કે ફરવા માટે બોલાવે ત્યારે દાદી કહેતા, 'મારા પિતા આવશે તો હું તેમની સાથે જઈશ.'

બ્રહ્માબાબાએ દાદીને બીજે દિવસે નાસ્તો કરવા આવવા આમંત્રણ આપ્યું. બાબાએ દાદીને પિતાનાં નિઃસ્વાર્થ પ્રેમની ભાસના આપી. નાસ્તો કર્યા પછી બાબાએ દાદીને જ્ઞાન આપ્યું. બાબાએ ગોળ આકારના કાચ પર ત્રણેય લોકનું સુંદર ચિત્ર બનાવ્યું હતું. ચિત્રમાં દેવલોક, મનુષ્યલોક અને પાતાળલોક બતાવવામાં આવ્યા હતાં. દેવલોકમાં દેવતાઓ, મનુષ્યલોકમાં શ્રી કૃષ્ણને અર્જુનને જ્ઞાન આપતા અને પાતાળલોકમાં વીંછી વગેરે પ્રાણીઓ બતાવવામાં આવ્યા હતા. બાબાએ કહ્યું, 'સારા કર્મો કરશો તો દેવલોકમાં જશો!' બાબાએ પૂછ્યું, 'દીકરી, ક્યાં જવા માંગે છે?' દાદીએ કહ્યું, 'બાબા, હું તો દેવલોકમાં જઈશ!' આ રીતે દાદીની જ્ઞાન મેળવવાની પ્રક્રિયા શરૂ થઈ. થોડા દિવસો હૈદરાબાદમાં રહ્યા પછી દાદી કરાંચી ગયા, પરંતુ દાદી અને બ્રહ્માબાબા વચ્ચે પિતા-પુત્રીનો સંબંધ મજબૂત રહ્યો. કરાંચીમાં દાદીને રોજ બાબાના પત્રો આવતા. બાબા ગીતો રચતા અને પત્રો દ્વારા જ્ઞાન આપતા. આ રીતે દાદીએ ઘરે સત્સંગ શરૂ કર્યો. જ્ઞાનના પ્રભાવથી દાદીનું રડવાનું બંધ થઈ ગયું, આ પરિવર્તન જોઈ પરિવારના તમામ સભ્યો ખુશ થઈ ગયા. કરાંચીથી બ્રહ્માબાબાને નિમંત્રણ આપ્યું. બાબા કાશ્મીર ગયા હતા. બાબાએ કહ્યું, 'કાશ્મીરથી આવીશ ત્યારે તમારા ઘરે આવીશ.' પછી કાશ્મીરથી પાછા ફર્યા પછી બાબા, મમ્મા, શાંતામણિ દાદી અને તેના પિતા રિજુમલજી બધા દાદીના ઘરે આવ્યા અને એક અઠવાડિયું રોકાયા. બાબાને કરાંચી શહેર ખૂબ ગમ્યું. બાબા રોજ ક્લિફ્ટન પર ફરવા જતા અને ત્યાં રમતો રમતા. બાબાએ ત્યાં જ બસ ખરીદી. આઠ દિવસમાં જ હૈદરાબાદની જેમ કરાંચીમાં પણ સત્સંગની ચર્ચા થવા લાગી કે ત્યાં સાક્ષાત્કાર થાય છે, પરમ સુખ અને ખૂબ જ શાંતિ મળે છે. તો બાબાએ કહ્યું, 'આ તમારું ઘર હવે ઓમ મંડળીની શાખા રહેશે.' તે જ દિવસથી કરાંચીમાં શાખાએ કામ કરવાનું શરૂ કર્યું અને બાદમાં આ શાખા મુંબઈ ટ્રાન્સફર થઈ.

પરમાત્મા સાથે તમામ સંબંધોનો અનુભવ કરનાર દાદી રૂકમણીજી મજબૂત વ્યક્તિત્વ ધરાવતા હતા. એકવાર દાદી શાળાએથી પરત ફરી રહ્યા હતા, ત્યારે લૌકિક બહેન ઓલરાઉન્ડ દાદીએ થોડા પૈસા આપી રૂકમણી દાદીને હૈદરાબાદ મોકલ્યા, ત્યાં ઘણો હંગામો થયેલો હતો. દાદી ઘણી મુસીબતોને પાર કરી રાત્રે એક વાગ્યે હૈદરાબાદ પહોંચ્યા. શાંતિમણિ દાદીનાં માતાજી તેમને અંદર લઈ ગયા. બીજા દિવસે દાદી પિકેટીંગમાં ગયા. દાદીના ઘરેથી તાર આવ્યો, 'અમારી દીકરી તમારી પાસે આવી છે, તેને ઘરે પાછી મોકલો.' દાદી હૈદરાબાદથી કરાંચી કેન્ટ સ્ટેશને ઉતરીને સીધા બાબા પાસે ગયા ત્યારે બાબાએ કહ્યું, 'સિંહણ મેદાનમાં ઉતરી છે.' પછી ઘરે જઈ રાત્રે શાંતિથી સૂઈ ગયા, બીજા દિવસે

ઘરવાળાનો ગુસ્સો ઠંડો થઈ ગયો.

આબુ આવ્યા પછી બેગરી પાર્ટ (યજ્ઞની આર્થિક તંગી)નાં સમયે બાબાએ તેમને સેવા માટે દિલ્હી મોકલ્યા. મનોહર દાદી સ્ટેશન પર લેવા આવ્યા અને ઘોડાગાડીમાં લઈ ગયા. જ્યાં એક નાનકડી ઓરડીમાં દસ લોકો રહેતા હતા. તે રૂમમાં ક્લાસ થતા, કોર્સ થતા તેમાંજ સૂતા અને રૂખુંસુખુ ખાઈને સેવા કરતા. દાદીએ સૌપ્રથમ દિલ્હીના કમલા નગરમાં સેવા કરી, જ્યાંથી જ ઈશ્વરીય સેવાઓની શરૂઆત થઈ. બ્રહ્માબાબાએ જ્યાં પણ દાદીજીને સેવામાં મોકલ્યા ત્યાં દાદીએ આસક્તિ વિના સેવા કરી. ત્યાગ-તપસ્યાનાં બળથી સેવાનો મજબૂત પાયો નાખ્યો. દાદી સેવા માટે અમદાવાદ, પટના, સહારનપુર, જયપુર, રાંચી અને બિકાનેર ગયા. 1953માં અમૃતસરથી પ્રખ્યાત સન્યાસી નિર્મલ સ્વામી તરફથી આમંત્રણ મળ્યું, જેમાં જાનકી દાદી અને રૂકમણી દાદી દિલ્હીથી ગયા. આયોજકોએ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બંનેને શોધ્યા પરંતુ દાદીઓ તો ટ્રેનના થર્ડ ક્લાસ ડબ્બામાં હતા. દાદીઓની આ સાદગી જોઈ આયોજકો ખૂબ જ પ્રભાવિત થયા. મમ્મા બાબાએ સ્વયં રાજોરી ગાર્ડન સેવા કેન્દ્રની સ્થાપના કરી હતી, જ્યાં રૂકમણી દાદીએ અંત સુધી સેવા કરી.

દિલ્હી રાજોરી ગાર્ડનનાં શક્તિ દીદી દાદીજી સાથેની તેમની યાદો વર્ણવતાં કહે છે, 'હું 1974માં દિલ્હી પાંડવ ભવનમાં 10 કન્યાઓની ટ્રેનિંગમાં આવી હતી, ત્યારે રૂકમણી દાદીએ ક્લાસ કરાવ્યો - 'યજ્ઞ સ્નેહી કેવી રીતે બનવું?' ક્લાસ કરાવતી વખતે રૂકમણી દાદીની નજર મારા પર પડી ત્યારે તેમણે મને પસંદ કરી. પછી મધુબનમાં 3 મહિના ટ્રેનિંગ થઈ, પછી પ્રકાશમણિ દાદીએ મને રાજોરી ગાર્ડનમાં રૂકમણિ દાદી પાસે મોકલી. ઈકોનામીના અવતાર રૂકમણી દાદી કણેકણ સફળ કરતા. તેઓ કહેતા, એક કણ પણ મહોર બરાબર છે, જો બગાડ કરીશું તો તેનો બોજ આપણા પર ચડશે, તે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા. દાદી વક્તૃત્વકળા (ભાષણ), ચિત્રકામ, રસોઈ, અભ્યાસ, પ્રદર્શની સમજાવવી, સીવણકામ, સફાઈ વગેરે કળામાં ખૂબ જ પારંગત હતા, હું એ વિશેષતાઓનું અવલોકન કરીને શીખતી. દાદી માતાઓ અને બહેનોની સમસ્યાઓ સાંભળતા અને તેનો સરળ ઉકેલ લાવી દેતા. તેઓ ભોગ લાગ્યા પછી જ ભોજન કરવા દેતા, જો 10 ભાઈઓ આવી જાય અને એક કેરી હોય, તો તે દસેયમાં વહેંચી દેતા. દાદી યજ્ઞમાં નાના બાળકોનાં નર્સ હતા. એકવાર હું ખૂબ જ બીમાર પડી 104 ડિગ્રી તાવ હતો, હું દર્દથી બૂમો પાડવા લાગી, મારો અવાજ સાંભળી દાદી તરત જ આવ્યા અને માથું અને પગ દબાવવા લાગ્યા. મેં ના પાડી તો કહ્યું, 'તમે આટલી તકલીફમાં છો આરામ કરો.' પછી હું ઉલ્ટી કરવા જવા લાગી તો દાદીએ પૂછ્યું, 'ક્યાં જાવ છો?' એટલે મેં કહ્યું, 'ઉલ્ટી કરવા' તો તેમણે કહ્યું, 'મારા હાથમાં ઊલ્ટી કરો', પછી દાદી વાસણ લઈ આવ્યા અને ઉલ્ટી કરાવી. લૌકિક માથી પણ વધુ દાદી મારી સંભાળ રાખતા હતા. દાદી દિલ્હી ઝોનના ઈંચાર્જ હતા, તેઓ ચારે તરફ અથક થઈ ચક્કર લગાવતા. તેઓ પોતાનું તમામ કામ જાતે કરતા, કોઈની સેવા ના લેતા. દાદી શક્તિસ્વરૂપા હતા, જ્યાં પણ પ્રોબ્લેમ થતાં, બાબા તેમને ત્યાં મોકલી દેતા. દાદીમાં વિલ પાવર પણ ખૂબ હતો. તેઓ વડાપ્રધાન સુધી પણ પહોંચવામાં પણ અચકાતા નહીં. એકવાર ટીચર્સ બહેનોની ગોલ્ડન જ્યુબિલીમાં વડાપ્રધાન દેવગૌડાજી આવ્યા હતા. ત્યારે મેં 1000 લોકોનું બ્રહ્માભોજન બનાવ્યું હતું, આ યજ્ઞ સેવા પ્રેમ અને લગન સાથે

કરવાના સંસ્કાર દાદીએ જ મારામાં ભર્યા હતા. તેઓ નિયમોમાં પાક્કા હતા, ક્યારેય અમૃતવેલા મિસ ન કરતા. જો મુરલી મિસ કરે તો તેઓ કહેતા, આમને નાસ્તો ન આપો, પરંતુ જો કોઈએ આપ્યો તો કહેતા ‘આમને ભોજન ન આપતા.’ દાદીનાં સાનિધ્યમાં સૌ હળવાશનો અનુભવ કરતા. સ્વભાવમાં રમણિક દાદી, હળવા બની વ્યવહાર કરતા, તેઓ ઈશારામાં વાત સમજી જતા, દાદી એકવાર કોઈને મળતા તો તેમને પોતાનાં બનાવી દેતા.

દિલ્હી રાજોરી ગાર્ડનના દીપા બહેન દાદીજીની વિશેષતા સંભળાવે છે, દાદીજી પ્રકૃતિ કે મનુષ્યોનાં પેપરમાં પાસ રહ્યા. દાદી સત્યને સાથ આપતા, સચ્ચાઈ-સફાઈ, પ્રામાણિકતા અને નિર્ભયતાનાં અવતાર દાદીને ધર્મરાજ કહેતા. તેઓ લગાવ કે ઝુકાવમાં નહોતા આવ્યા. દાદીએ દરેકને નિયમ મર્યાદાઓ શીખવ્યા. ઈકોનોમીનાં અવતાર દાદી દિલ્હીથી ધન ભેગું કરી યજ્ઞમાં મોકલતા. નવા ફળો કે શાકભાજી મધુબન મોકલતા પછી પોતે સ્વીકાર કરતા. કોઈની બુદ્ધિ હદમાં કે પોતાનામાં ફસાવ્યા વગર તેઓ દરેકને બાબા અને યજ્ઞ સાથે જોડતા. તેઓ દરેક સાથે સમાન વર્તન કરી દરેકમાં આશા રાખી પોઝીટીવ ભાવનાથી જોતા. જે બહેનો ક્યાંય સ્થાયી થઈ શકતી ન હતી, તેમને દાદી ઘર અને વર આપી સેટ કરતા. તેઓ કહેતા કોઈ આત્મા છેલ્લી ઘડીએ પણ બદલાઈ શકે છે, કોઈના પ્રત્યે નેગેટીવ ન વિચારો. જેમને નિરાશ કરી ભટકાવ્યા તેમને દાદીએ સેટ કર્યા, તેઓ આજે મોટી સેવાઓના નિમિત્ત બન્યા. દાદી નિયમોમાં પાક્કા હતાં, શરીર છોડ્યાની આગળની રાત્રે દાદીએ કહ્યું, ‘હાથ-પગ ધોવડાઓ અને કપડાં બદલો.’ 100 વર્ષની ઉંમરમાં દરેક નિયમ મર્યાદાઓનું પાલન કરી સો ટકા શ્રીમત પર ચાલ્યા. દાદીએ પોતાનાં પર કોઈ ખર્ચ ન કર્યો. નાના એવા રૂમમાં બિલકુલ તૂટેલી-ફૂટેલી જૂની વસ્તુઓનો ઉપયોગ કર્યો. તેઓ કહેતા, ‘બાબાએ ઝૂંપડી ના છોડી તો હું કેમ નવી વસ્તુઓ લઉં, અત્યારે ત્યાગ કરશો તો ભવિષ્યમાં મળશે.’ દાદીએ નામ-માન-સન્માનની ઈચ્છા ક્યારેય રાખી નહિં. તેઓ ક્યારેય ફોટો નહોતા પડાવતા, તેઓ ગુણોને પારખી સેવામાં લગાવતા. દાદીની યાદશક્તિ સારી હતી. દાદીનો મંત્ર હતો, ‘અત્યારે નહીં તો ક્યારેય નહીં, જે કરવું હોય તે અત્યારે જ કરી લો, કાલનો ભરોસો નહિં.’

અંતિમ દિવસોમાં દાદીની તબિયત સારી ન હતી તેથી તેમને અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પણ દાદીના દિલમાં માત્ર બાબા અને મધુબન જ સમાયેલા હતાં. તેથી, દાદીની તીવ્ર ઈચ્છા અને આગ્રહને કારણે, 16મી જાન્યુઆરીએ ગ્લોબલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. દાદીને બ્રહ્માબાબા પ્રત્યે ખૂબ જીગરી પ્રેમ હતો, તેથી દિલના પ્રેમની સાબિતી આપતાં, દાદીએ પણ પોતાના અવ્યક્ત આરોહણ માટે અવ્યક્ત જાન્યુઆરી મહિનો જ પસંદ કર્યો અને બ્રહ્માબાબાના અવ્યક્ત દિવસ 18 જાન્યુઆરીના એક દિવસ પહેલા 17 જાન્યુઆરી 2019 વહેલી સવારે 12.33 કલાકે સ્થૂળ દેહનો ત્યાગ કર્યો. બ્રહ્માબાબા સમાન ફરિશ્તા બની તેઓ હંમેશ માટે સૂક્ષ્મવતનવાસી અવ્યક્ત સંપૂર્ણ બ્રહ્માના સહયોગી - સેવાસાથી બની ગયા.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ : બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

- **સ્વસ્થિતિ એવી શક્તિશાળી બનાવો જેથી પરિસ્થિતિઓ એને નીચે-ઉપર કરી ના શકે.**

# ભગવાને ખેંચી રાખી છે મર્યાદાની રેખાઓ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

धर्मक्षेत्रे कुरुक्षेत्रे युयुत्सव:!! અર્થાત ધર્મક્ષેત્રે અને કર્મક્ષેત્રે લડતમાં તૈયાર એવા લડવૈયા .... આ શરૂઆત છે શ્રીમદ્‌ભગવદ ગીતાજીની. મહાભારતના યુદ્ધ ટાણે ક્યા યોદ્ધાની શી સ્થિતિ છે? એ જાણવા ધૃતરાષ્ટ્રે સંજયને પૂછેલા પ્રશ્નથી ગીતાજીનો આરંભ થાય છે. આજના પરિપ્રેક્ષમાં કહું તો અજ્ઞાન અંધકારમાં ભટકી રહેલા મનુષ્યની માનસિકતા દર્શાવતું પાત્ર એટલે ધૃતરાષ્ટ્ર અને દરેકના પોકેટમાં રહેલું સાયન્સનું રમકડું (મોબાઈલ) એટલે સંજય. આપણે બધા અનુભવી છીએ કે આજે પોતાની સ્થિતિ જાણવા કરતા બીજાના જીવનની કથા જાણવા માટેની ઉત્સુકતા - રસ હમેશા આજના ધૃતરાષ્ટ્રને રહે છે. એટલે જ પથારીમાંથી ઉઠતાની સાથે જ 'કરાગ્રે વસતે લક્ષ્મી' જેવા શ્લોક બોલવાના બદલે આજનો ધૃતરાષ્ટ્ર સંજયને પૂછી જ લે છે કે 'આજે શું સમાચાર?' સંજય યુટ્યુબ જેવા ભિન્ન-ભિન્ન માધ્યમથી દેશ-વિદેશના સદૃશ્ય સમાચાર આપવા લાગે છે.

વાસ્તવમાં મહાભારત એ સાંપ્રત સમયની સ્થિતિ દર્શાવતું ચિત્રણ જ છે. આપણે બધા મહાભારતના જ પાત્રો છીએ. વળી નિરાકાર ભગવાનની ભૂમિકા દર્શાવતી મહાકથા એટલે મહાભારત. આપણે બધા જ ધર્મક્ષેત્રે અને કર્મક્ષેત્રે પરિસ્થિતિ સામેની લડતમાં તૈયાર એવા લડવૈયા છીએ. ભિન્ન-ભિન્ન પરિસ્થિતિમાં આપણને ભિન્ન-ભિન્ન ભૂમિકા નિભાવવી પડે છે. ક્યારેક જીત તો ક્યારેક હાર આ લડતની બે બાજુઓના આપણે સૌ અનુભવી છીએ. જીત મળે તો ખુશ થઈએ. પણ હાર મળે ત્યારે......

મેજોરીટી જોવા મળે છે કે અજ્ઞાનતાના અંધકારમાં ભટકી રહેલા ધૃતરાષ્ટ્રની બુદ્ધિ ભ્રમિત હોવાના કારણે સત્ય જાણવા છતાં, સત્યને સ્વીકારવાની હિમ્મત કે વૃત્તિ રહેતી નથી અને ભગવાનના માથે દોષારોપણના ઠીકરા પણ ફોડી દે છે. અત્રે ભગવાનને જાણવાની શ્રૃંખલાને આગળ લઈ જઈ અનુભવના આધારે ભગવાનને સમજવાના પ્રયત્ન સાથે લખવાની હિમ્મત જ છે. **ભગવાન સર્વોચ્ચ સત્તા, સર્વજ્ઞ, સર્વોપરિ, ઓલ માઈટી, ઓથોરીટી છે, છતાંય તેમની કેટલીક મર્યાદાઓ મેં અનુભવી છે, તેની ચર્ચા અત્રે કરીએ છે.**

**ભગવાનની સૌથી પ્રથમ મર્યાદા છે - તેઓ નિરાકાર છે. તેમને પોતાનું શરીર નથી.** આપણે સૌ જાણીએ છીએ કે દરેક ધર્મમાં પરમાત્માને સત્ય સ્વરૂપ નિરાકાર, જ્યોતિ સ્વરૂપમાં સ્વીકાર કરેલ છે. પરમાત્મા અજન્મા, અકર્તા અને અભોક્તા છે એ વાતને ગીતાજી દ્વારા પણ કહેવામાં આવી છે. હવે વિચારો કે જે આત્માને પોતાનું શરીર જ ના હોય તેના સંકલ્પ, ભાવ-ભાવના અતિશ્રેષ્ઠ હોવા છતાં બીજાના શરીર પર આધાર રાખવો પડે કે નહી! **બાળકોની હાક, પુકાર કે ચિત્કારના સંકલ્પ, દુઃખની લાગણીઓ પરમાત્મા સુધી પહોંચે છે, છતાંય પોતાનું શરીર ન હોવાના કારણે કોઈ નિમિત્ત બને એની વાટ એમને પણ જોવી પડે એ કેટલું અદ્‌ભુત અને વિચિત્ર વાત છે.** જુઓને સંસારમાં કેટલાક મહાત્માઓ, ધર્માત્માઓને ભગવાને સાક્ષાત્કાર કરાવ્યા. પણ છેક ૨૫૦૦ વર્ષ પછી પરમાત્માની ભાવનાને એક સંસારી માનવે સમજી અને વિશ્વ પરિવર્તનના

કાર્યમાં સર્વસ્વ સમર્પિત કરાવી દીધું. જેમને શાસ્ત્રોમાં બ્રહ્મા, ભગીરથ, આદિદેવ, એડમ, આદમ નામથી ઓળખીએ છીએ. એ મહાન માનવીનો મહાન ત્યાગ, શ્રેષ્ઠ તપસ્યા, અવિરત અને અવિરલ સેવા, પરમાત્માના રાઈટ હેન્ડ બની સંસારને શ્રેષ્ઠ બનાવવાની અથાક મહેનત હોવા છતાં આજે પણ આપણે એમને ઓળખતા નથી કે સ્વીકારતા નથી એ પણ સંસારની વિચિત્રતા છે. **પરિણામે નિરાકાર પરમાત્માનું અવતરણ થયેલ છે તેમ છતાં પરમાત્માને મળવાની, તેમની પાસેથી અખૂટ ખજાનાને પ્રાપ્ત કરવાની તકને ચૂકી જઈએ છીએ. આજે પરમાત્માની આવી અદ્‌ભુત પ્રથમ મર્યાદાના કારણે કેટલાક મનુષ્યો અગણિત પ્રાપ્તિઓથી વંચિત છે. આ પ્રથમ મર્યાદાના કારણે પરમાત્માની પ્રત્યક્ષતા થાય તે માટે પણ બાળકો ઉપર આધાર રાખવો પડે એ પણ કુદરતની વિચિત્રતા છે. કલ્પનું ચક્ર પૂરું થવાના આરે છે તેમ છતાંય ભગવાનની પ્રત્યક્ષ થવાની આશ હજી સુધી પૂરી થઇ નથી એ પણ આ મર્યાદાની બલિહારી છે.**

**સર્વશક્તિમાન હોવા છતાં કુદરતની મર્યાદામાં રહેવું પડે છે.** મહાભારતમાં વર્ણન છે કે પરમાત્માનો સાથ અને હાથ માંગી રહેલા અર્જુનને ભગવાને કહ્યું કે ‘ હું યુદ્ધમાં અસ્ત્ર-શસ્ત્ર ઉપાડવાનો નથી. ત્યારે મારો હાથ અને સાથ માંગીને તને શું ફાયદો?’ પછી વર્ણન છે કે ‘કર્મણેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન’ અર્થાત મનુષ્યને કર્મ કરવાનો અધિકાર છે, કર્મના ફળ ઉપર નથી. માટે પરમાત્માએ અર્જુનને સત્કર્મ કરવા પ્રેરિત કર્યા છે. આ વાત ટાંકીને અનુભવના આધારે કહું છું કે **પોતાની ચારે બાજુ મર્યાદાની રેખા દોરીને ભગવાન સૃષ્ટિ પર અવતરિત થયા છે. પરમાત્મા સ્વયં સર્વશક્તિમાન હોવા છતાંય કુદરતની મર્યાદાની રેખામાં જ રહે છે.** જુઓને જે હસ્તી કોઈના પણ શરીરમાં સહજતાથી પ્રવેશ કરી શકે છે, સાક્ષાત્કાર કરાવી શકે છે, શું તેઓ આ દુનિયામાં કોઈ પણ નાનો મોટો ચમત્કાર કરાવી ના શકે? પણ તેઓ આવું કાર્ય કરતા નથી કે કોઈને કરવા માટે પણ માર્ગદર્શન કરતા નથી. કારણ છે મર્યાદા. વળી બાળકોને પણ મર્યાદાની જ વાત શીખવી તેઓ મર્યાદા પુરુષોત્તમ બનાવવાનું શ્રેષ્ઠ કર્મ કરી રહ્યા છે. માટે જ ગીતાજીને શ્રીમત ભગવદ ગીતા કહેવામાં આવેલ છે. શ્રીમતનો ભાવ જ મર્યાદા છે.

**સૃષ્ટિના પરિવર્તન માટે દાદા લેખરાજને નિમિત્ત બનાવ્યા. એ પણ ભગવાનની મર્યાદાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે.** સંસારનો ઈતિહાસ જોઈએ તો એ જાણવા મળે છે કે પહેલા પણ ભગવાને ધર્માત્માઓ, મહાત્માઓને સાક્ષાત્કાર કરાવ્યા હતા, તેમને પણ પોતાનો પરિચય આપ્યો હતો. પરંતુ તેઓ પરમાત્માને યથાર્થ રીતે ઓળખી ના શક્યા. તેથી ભગવાનને ૨૫૦૦ વર્ષ સુધી વાટ જોવી પડી. દાદાની પરમાત્માને પ્રાપ્ત કરવાની ઉત્કટ મનસા, જ્ઞાનને સમજવાની જીજ્ઞાસા, મન-બુદ્ધિ સહિત કર્મેન્દ્રિય ઉપર વિજય પ્રાપ્ત કરવાના અભ્યાસે પરમાત્માને પુનઃ વિચારવા પ્રેરિત કર્યા. અન્ય ધર્માત્માઓની જેમ એમને પણ સાક્ષાત્કાર કરાવ્યા. અને દાદાએ પરમાત્માને યથાર્થ ઓળખી વિશ્વ પરિવર્તનના કાર્યમાં જોડાયા. એ પરમાત્માના મર્યાદાનું સૌથી મોટું ઉદાહરણ છે.

**દરેક નિમિત્ત યજ્ઞ વત્સોએ પરમાત્માની કસોટીને પર કરવી પડી છે.** માત્ર બ્રહ્મા જ નહી પણ યજ્ઞમાં જેઓ પણ નિમિત્ત બન્યા છે ભલે મમ્મા હોય કે દાદી પ્રકાશમણીજી કે પછી જગદીશભાઈજી દરેકને પરીક્ષા આપ્યા પછી જ તેઓ નિમિત્ત બની શક્યા છે. ભગવાન કહે છે કે દરેક બાળકોને

ચાન્સ મળે છે, દરેકને એક સમાન જ્ઞાન પ્રાપ્ત થાય છે, દરેકને એક સમાન શક્તિઓ પ્રાપ્ત થાય છે. પણ.... પણ શબ્દમાં જ બધું સમાઈ જાય છે. કારણ પરમાત્માએ દોરેલી મર્યાદાની રેખા !

**મમ્માને મમ્મા તરીકે પ્રત્યક્ષ કરવા માટે પણ લીલા રચવી પડી એ પણ એક મર્યાદાનું ઉદાહરણ છે.** યજ્ઞ ઇતિહાસનું એક પાનું પલટાવીએ તો એની પ્રતીતિ થઈ જશે. આપણે સૌએ સાંભળ્યું છે કે મમ્મા ૧૭-૧૮ વર્ષના હતા ત્યારે જ બાબાના સંબંધ સંપર્કમાં આવ્યા હતા. મમ્માની સગાઈ થઈ ગઈ હતી. ૧૯૩૬ નો લોકલાજ, સમાજની મર્યાદા વગેરેનો ચુસ્ત સમય ! છતાંય ભગવાનના આદેશને સરમાથે લઇ, સમાજના વિરોધમાં જઈ, હોવનહાર પતિ દેવ, સાસુ-સસરાને વિશ્વાસમાં લઇ, સગાઈને લગ્નમાં પરિવર્તન થતા અટકાવી દીધા. એક બળ એક ભરોસે સમર્પિત થઇ ગયા. એ એવો સમય હતો જ્યાં એક સ્ત્રી પણ સંન્યાસ લઇ સાધ્વી બની શકે એ કોઈના સંકલ્પ કે સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો. વળી સમાજે પરમાત્માની વાતોને ચેલેંજ કરી કોર્ટમાં દોડ લગાવી હતી. મમ્મા એક હંસ વાહિની, મહિષાસુર મર્દિની બની સમાજના વિરોધનો સામનો કર્યો. એટલું જ નહી સંસ્થા જયારે કરાંચીમાં ખસેડવામાં આવી ત્યારે કોર્ટના આદેશ મુજબ બાળકોને અલગ અલગ બિલ્ડીંગમાં રહેવું પડ્યું. બાબા અને બાબાનો પરિવાર સૌ બાળકોથી અલગ નિવાસ સ્થાને રહેતા અને બાળકો બીજા ભિન્ન-ભિન્ન સ્થાને. વળી ૧૮ વર્ષની કન્યાને યજ્ઞ માતા તરીકે નિમિત્ત બનાવ્યા એ વાત કેટલાકનું મન સ્વીકારતું ન હતું. સ્વયં ભગવાનને પણ મમ્મા કેમ યજ્ઞ માતા બનવા લાયક છે? એ સિદ્ધ કરવું પડે એ પણ સર્વશક્તિમાનની મર્યાદા હતી.

રોજ સવારે મુરલી સાંભળવા બાબા પાસે સૌ બાળકો આવતા હતા. દરેકના નિવાસસ્થાનેથી સૌને લાવવા લઇ જવા માટે બસની વ્યવસ્થા હતી. મમ્માની સાથે ઘણી માતાઓ અને બહેનો પણ રહેતા હતા. બસ આવે તે પહેલા નાશ્તાની તૈયારી કરી લેવાની એ દિનચર્યા! બસનો હોર્ન વાગે એટલે સૌ દૌડી બસમાં પોતાનું સ્થાન લઇ લેતા. મમ્મા મુરલી સાંભળવા જતા ન હતા એ વાત કેટલીક માતા-બહેનોને ખટકે. આપસમાં ચર્ચા કરે. એક દિવસે બાબાએ બે માતાઓને મમ્માને લેવા પાછા મોકલ્યા. નિવાસ સ્થાને પહોચ્યાં અને માતાઓ મમ્માને શોધવા લાગ્યા. મમ્માને શોધતા મમ્માએ યજ્ઞમાતા તરીકે ભજવેલી ભૂમિકા જોઈ માતાઓ અવાક થઇ ગયા, થયું એમ હતું કે દિનચર્યા મુજબ નાસ્તાની તૈયારી ચાલતી હતી. કોઈ લોટ બંધાવાની સેવામાં હતું તો કોઈ શાકભાજી સમારવાની સેવામાં. કોઈ અનાજ સાફ કરવાની સેવા કરતા હતા તો કોઈ વાસણ સફાઈની સેવામાં વ્યસ્ત હતા. સેવા કરતા સૌની બુદ્ધિ તો બસ આવવાની વાટ જોવામાં જ લાગેલી હતી. જેવો બસનો હોર્ન વાગ્યો કે તરત જ સૌ દોડીને બસમાં ગોઠવાઈ ગયા હતા. માતાઓ-બહેનો મુરલી સાંભળવા ગયા પછી મમ્માએ કચરો કાઢ્યો, શાકભાજીને સરખી રીતે કિચનમાં ગોઠવી દીધા, લોટ બાંધવાનું બાકી હતું. માટે લોટ બાંધી યોગ્ય જગ્યાએ ગોઠવી દીધું. પછી સેવા પરવારી ટેરેસ પર જઈ બાબાની યાદમાં ભીની આંખે મગ્ન થઇ બેઠા હતા. નરી આંખે જોયેલી વાતોને માતાઓએ પાછા જઈ બધાને સંભળાવી. સૌની આંખો ભીની થઇ ગઈ. સાચા અર્થમાં યજ્ઞ માતાની ભૂમિકા ભજવતા મમ્માને સૌ સમ્માન સાથે મમ્મા કહેવા લાગ્યા. આવા ઘણા અનુભવો ટાંકી શકીએ જે ભગવાનની મર્યાદાને પ્રત્યક્ષ કરે છે.

**પરમાત્મા બાપ, શિક્ષક અને સત્ગુરુની**

(અનુસંધાન પેજ નં. 10 પર)

### જ્ઞાન પરબ

# ભાગ્યવિધાતા પિતામહ બ્રહ્મા

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

આજનો પુરુષાર્થ તે આવતીકાલનું પ્રારબ્ધ છે, જે આપણી મહેનતનું ફળ છે. જ્યારે અનાયાસે ભગવદ્ કૃપાથી જે પ્રાપ્ત થાય તેને ભાગ્ય કહેવામાં આવે છે. ભગવાન શબ્દનો અર્થ થાય છે ભાગ્યવાન બનાવનાર. આ સંસારમાં આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો મહેલોમાં જન્મે છે અને જન્મતાની સાથે જ સોનાની ચમચીથી જમવાનું ભાગ્યમાં લખેલું હોય છે, જ્યારે કેટલાક લોકો એવા પણ  હોય છે કે જેઓ ઝૂંપડામાં જન્મે છે અને તેમને એક સમયનું ભોજન પણ ભાગ્યમાં નથી હોતું. તેના માટે તેમને ખૂબ જ મહેનત કરવી પડે છે. તો પ્રશ્ન એ થાય છે કે શું ભગવાને દરેકને જુદુ જુદુ ભાગ્ય આપ્યું છે?

ભગવાન સમગ્ર માનવ જાતના પરમપિતા છે અને પિતા તો દરેક સંતાનને સરખો જ વારસો આપે. શાસ્ત્રો અનુસાર સૃષ્ટિના આદિ કાળમાં પરમપિતા પરમાત્માએ પોતાનો બધો જ અલૌકિક વારસો તેમના પ્રથમ પુત્ર બ્રહ્માને આપ્યો, ત્યાર બાદ બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી અને  દરેકને ભાગ્યની વહેંચણી કરી. માટે જ તેમને ભાગ્ય વિધાતા બ્રહ્મા તરીકે ઓળખવામાં આવે છે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે બ્રહ્માજી જ્યારે ભાગ્ય વહેંચતા હતા ત્યારે શું તમે ઊંઘતા હતા? વાસ્તવમાં વર્તમાન સમયે આ માયાવી દુનિયાની ચકાચોંધમાં, મનુષ્યો અજ્ઞાનની ગાઢ નિંદ્રાના નશામાં પોઢેલા જ છે. ભગવાન સ્વયં આ ધરા પર આવી પ્રજાપિતા બ્રહ્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી ભાગ્ય વહેંચી રહ્યા છે. ભાગ્યમાં સ્થૂળ ધન નહીં પરંતુ અલૌકિક ખજાનાઓ જ્ઞાન, ગુણ, શક્તિ, પ્રેમ, આનંદ, ખુશી, પવિત્રતા, વરદાન વગેરે વહેંચી રહ્યા છે. પરંતુ વારંવાર જ્ઞાન ગંગાજળના અમી છાંટણા કરવા છતાં પણ મનુષ્ય અજ્ઞાનની નિંદ્રામાંથી જાગતા જ નથી. એક કહેવત પણ છે કે, સૂતેલાનું રહે સૂતું અને બેઠેલાનું રહે બેઠુ.. માટે જ દરેકના ભાગ્ય અલગ અલગ બને છે, કોઈનું સૂતું , કોઈનું બેઠેલું તો કોઈનું ઉભુ અને કેટલાકના તો નસીબ જ ફુટેલા રહી જાય છે. જો કોઈ વ્યક્તિ, અગર કોઈનું પણ સાંભળતી ન હોય તો કહેવામાં આવે છે કે ઉપરથી બ્રહ્માજી આવે તો પણ આ સુધરશે નહીં, વર્તમાન સમયે બ્રહ્માજી બ્રહ્મજ્ઞાન આપીને આપણને સર્વેને સુધારવા માટે જ આવ્યા છે પરંતુ અજ્ઞાનતા વશ આપણે તેમને ઓળખી શકતા નથી. ગીતા શાસ્ત્રમાં પણ જણાવ્યું છે કે જ્યારે હું મનુષ્ય તનનો આધાર લઈ પ્રકૃતિને આધીન કરી સૃષ્ટિ પર આવું છું ત્યારે મૂઢ મતિના લોકો મને ઓળખી શકતા નથી.

વર્તમાન સમયે ભાગ્ય બનાવવાનો યોગ ચાલી રહ્યો છે. અત્યારે આપણા નસીબ આગળથી પાંદડું હટી ગયું છે, ભાગ્ય વિધાતાએ ભાગ્યના દ્વાર ખોલી નાખ્યા છે. ભોળાનાથ કુબેરનો ખુલ્લો ભંડાર છે. લૂંટાય તેટલુ લૂંટો, આપણા ભાગ્યએ કરવટ બદલી છે, ભાગ્યનો સિતારો ચમકી ઉઠ્યો છે. રાહુ અને શનિની વક્ર દૃષ્ટિ સમાપ્ત થઈ, બૃહસ્પતિની શુભ દશા બેઠી છે. અનેક જન્મનું ભાથુ ભરીને પદમા પદમ ભાગ્યશાળી પુરુષોત્તમ બનવાનો આ શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે.

ભાગ્યના ભંડારી તથા અલૌકિક ખજાનાના કોઠારી, પરમપિતા પરમાત્મા, આપણું ભાગ્ય બનાવતા હોવાથી ઋષિમુનિઓ, ધર્મ પિતાઓ, દેવતાઓ, પૈગમબરો તેમજ ભક્તોએ તેમની મહિમા અપરમઅપાર ગાઈ છે. સૃષ્ટિ નિયંતા પરમાત્માની જેમ જ તેમની પ્રથમ રચના બ્રહ્માજીની મહિમા પણ અસીમીત અપરમઅપાર છે. દેવતાઓ અને અસુરો પણ પોતાનું ભાગ્ય બનાવવા, બ્રહ્માના એક વરદાન માટે હજારો વર્ષો સુધી તપસ્યા કરતા હતા. બ્રહ્માજીને દરેક દેશ તેમજ દરેક ધર્મમાં માન્યતા મળેલી છે. જુદા જુદા ધર્મમાં તેમને જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. મુસ્લિમ ધર્મમાં તેમને બાબા આદમ, જૈન ધર્મમાં આદિનાથ અથવા રિષભદેવ, ક્રિશ્ચિન ધર્મમાં એડમ, હિન્દુ ધર્મમાં મનુ ભગવાન, વિશ્વકર્મા, નંદી, ભગીરથ, બ્રહ્મદેવ કે આદિદેવ તરીકે ઓળખવામાં આવે છે.

મુસ્લિમ ધર્મમાં તો બ્રહ્માજીને ખુદાના સમ કક્ષ માનવામાં આવે છે અને એટલે જ કહે છે કે, 'આદમ કો ખુદા મત સમજો આદમ ખુદા નહીં, લેકિન ખુદા કે નૂર સે આદમ જુદા નહીં.'

પરમાત્માને નૂરે ઈલાહી, હોલી ફાયર, જ્યોતિ સ્વરૂપ ગુપ્ત માનવામાં આવે છે. તેમનો સાચો પરિચય કોઈને પણ નથી, તેવી જ રીતે બ્રહ્માજીનો પણ સાચો પરિચય કોઈને નથી. તેમનું કોઈ પુરાણ, આરતી, ચાલીસા કે કથા વાર્તા નથી, કોઈ બાળ ચરિત્ર કે બાળલીલા નથી, તેમના કોઈને ત્યાં ફોટા પણ નથી. તેમના મંદિરો પણ ભારતભરમાં બહુ જ ઓછા જોવા મળે છે. રાજસ્થાનના પુષ્કરમાં, ગુજરાતના ખેડા અને ખેડબ્રહ્મામાં, હિમાચલ પ્રદેશના કુલ્લુંમાં, ગોવાના વલ્લોઈમાં, કર્ણાટકના બેંગ્લોરમાં, ઉત્તર પ્રદેશના કાનપુરમાં, તમિલનાડુના કુંબા કોનમ, આંધ્ર પ્રદેશના ચેબરોલુંમાં વગેરે સ્થળોએ તેમના મંદિર જોવા મળે છે. વિશ્વના અનેક દેશો થાઈલેન્ડના Erawan Shrineમાં, કંબોડિયાના અંગકોર વાટમાં, ઈન્ડોનેશિયાના જાવામાં, તિબેટના Fantian Thangsમાં, જાપાનના Bontenમાં, કોરિયાના Beomcheamમાં તેમની યાદગાર આવેલી છે. ઈસ્ટ જાવામાં તો બ્રહ્માને બાયોલોજીકલ ફાધર ઓફ કેન અરોક તરીકે ઓળખવામાં આવે છે.

સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માના નામ પરથી અનેક શબ્દો પ્રચલિત છે. જેવી રીતે ઈંડામાંથી નવા સજીવનું સર્જન થાય છે તેવી જ રીતે સૃષ્ટિનું સર્જન પણ બ્રહ્માજી બ્રહ્મ અંડ અર્થાત્ બ્રહ્માંડમાંથી પોતાના પવિત્ર મુખેથી બ્રહ્મજ્ઞાન આપી તેમના માનસ પુત્ર અને માનસ પુત્રીઓ બ્રહ્માકુમાર તથા બ્રહ્માકુમારીઓ બ્રાહ્મણોનું સર્જન કરે છે. સૃષ્ટિના આદિ કાળમાં તેઓ જેવુ આચરણ કરે છે, તેમના આચરણને અનુસરનારને બ્રહ્મચારી કહેવામાં આવે છે. બ્રહ્માજીએ જણાવેલ નિયમ અને મર્યાદાને બ્રહ્મચર્ય વ્રત કહેવામાં આવે છે. બ્રહ્માજીએ માયાની સામે યુદ્ધ કરવા જે જ્ઞાન અસ્ત્ર આપ્યા તેને બ્રહ્માસ્ત્ર કહેવામાં આવે છે. તેમની જણાવેલ વિધિ પ્રમાણે બનાવેલ ભોજનને બ્રહ્મા ભોજન કહેવામાં આવે છે. તેઓ જ્યાં વસે છે તે સ્થાનને બ્રહ્મલોક, બ્રહ્મદેશ કે બ્રહ્મપુરી કહેવાય છે. તેમના અનાદિ સ્વરૂપને બ્રહ્મ સ્વરૂપ માનવામાં આવે છે તેમના નિયમોની નિયમાવલીને બ્રહ્મ સંહિતા કહેવાય છે. સમયને પણ કાલ બ્રહ્મ કહેવામાં આવે છે. કલ્પના શરૂઆતના બે યુગોને બ્રહ્માનો દિવસ અને અંતના બે યુગોને બ્રહ્માની રાત્રી કહેવામાં આવે છે. બ્રહ્માની રાત્રી અને બ્રહ્માના દિવસના સંગમ સમયને બ્રહ્મ મુહૂર્ત કહેવામાં આવે છે. આ સમયે જ ભગવાન ભાગ્ય વહેંચે છે એટલે જ સ્થૂળ

દિવસ રાતના સંગમ ઉષા કાળ અને સંધ્યાકાળે ભગવાનને ખાસ યાદ કરવામાં આવે છે. જીવનને સ્વસ્થ બનાવનાર સંજીવની બુટ્ટીને બ્રાહ્મી તરીકે ઓળખાય છે. કળિયુગના તમોપ્રધાન શાસ્ત્ર-વાદીઓ પોતાને બ્રહ્મા સમાન ગણવા માટે અહમ બ્રહ્માસ્મિ કહે છે. ભારત વર્ષની સૌથી મોટામાં મોટી નદીને પણ બ્રહ્મપુત્રા કહેવામાં આવે છે. આમ, બ્રહ્માના નામની મહિમા અપરંપાર બેહદ છે.

બ્રહ્માજીએ કલ્પવૃક્ષના મૂળમાં બેસી તપસ્યા કરી સમગ્ર માનવ જાતને જ્ઞાન, શક્તિ, ગુણ, દુઆઓ, વરદાન અને શુભ ભાવના આપીને સર્વના ભાગ્યના દ્વાર ખોલી નાખ્યા છે. ભાગ્ય વિધાતા બ્રહ્માએ જે ભાગ્ય આપ્યું છે તેની થોડી ઝલક જોઈએ.

વાહ કેટલું ઊંચું મારુ ભાગ્ય, જેને મળવા માટે અનેક જન્મો સુધી પુરુષાર્થ કર્યા તપ, વ્રત, ઉપવાસ, જાગરણ, પ્રાર્થના, આરતી, અર્ચના, આરાધના, યજ્ઞ, હવન, કથા, વાર્તા, યાત્રા, જાત્રા, મંત્ર, માળા કર્યા છતાં ના મળી શક્યા, તે સ્વયં પરમાત્માએ અત્યારે 800 કરોડ મનુષ્યમાંથી મને પસંદ કરીને શ્રેષ્ઠ ભાગ્ય પ્રદાન કર્યું. ગીતા જ્ઞાન દાતા સ્વયં રોજ સવારે આપણને ગીતાજ્ઞાન તથા રાજયોગનું શિક્ષણ આપવા માટે દૂર દેશ પરમધામથી પધારે છે. જે પરમાત્માને પ્રાપ્ત કરવા સાધુ, સંત, મહાત્મા, ઋષિમુનિઓ અનેક વર્ષો સુધી તપસ્યા કરતા રહ્યા, ઠંડી, ગરમી, વરસાદ, જાનવરોને સહન કરતા રહ્યા તે ભગવાન સ્વયમ મારા દ્વાર પર આવ્યા અને મારા માટે સ્વર્ગની સોગાત લાવ્યા છે. મારી જન્મ જન્માંતરની પ્યાસ બુઝાવી સર્વ અલૌકિક ખજાનાથી મને ભરપૂર બનાવી રહ્યા છે. મારું બધું જ કામ ખાવું-પીવું, ઉઠવું-બેસવું જાગવું સ્વયં ભગવાનના સાનિધ્યમાં કરી રહ્યો છું. આટલું ઊંચું ભાગ્યે તો આજ સુધી કોઈ રાજા મહારાજા, ધર્મપિતાઓ કે કોઈ દેવી દેવતાનું પણ નહીં હોય. ભાગ્ય વિધાતા મારા ઉપર રીઝયા છે અને જ્ઞાનની વર્ષા વરસાવી રહ્યા છે. મેં સ્વયં ભગવાનને આ આંખો દ્વારા બોલતા, ચાલતા, શિક્ષા આપતા ખાતા, પિતા નિહાળ્યા છે. મને નયનોથી નિહાલ કરી સ્વચ્છ બનાવીને પાલના આપી રહ્યા છે. અમૃતવેળાએ સ્વયં ભગવાન આવીને મને જગાડી વરદાન આપે છે. દિવસની શરૂઆતમાં જ નયનો ખુલતા, સ્વયં પરમાત્માની સાથે મુલાકાત થાય છે. આવું ઊંચું ભાગ્ય તો સદભાગ્યે જ કોઈનું હોય! વિશ્વ નિયંતા એ પોતાના સાથી બનાવી દિવ્ય અસ્ત્ર શસ્ત્ર પ્રદાન કર્યા, મને દિવ્ય શક્તિઓથી સંપન્ન બનાવી, માસ્ટર સર્વ શક્તિમાન બનાવ્યો. જીવનમાં અનેકવાર મદદ કરી નવજીવન બક્ષ્યું અને મારો બધો જ બોજ ઉપાડી લીધો. મને વિકારોની દલદલમાંથી બહાર કાઢી સ્વચ્છ બનાવ્યો. મને મહાન આત્માઓનો સંગ મળ્યો, શ્રેષ્ઠ બ્રાહ્મણ પરિવાર મળ્યો. બધી જ ચિંતાઓ હરી લઈને દુઃખ હર્તા, સુખ કર્તા ભગવાને મારું જીવન મંગલમય બનાવ્યું. વાહ! મારું ભાગ્ય વાહ! મારા ભાગ્ય પર મને નાઝ છે. સદગતિ દાતા સ્વયં મારા સદગુરુ બન્યા, એક દિવસ જરૂર આવશે જ્યારે સંસાર મારા ભાગ્યની ઈર્ષા કરશે. તમે પણ અજ્ઞાન નિંદ્રામાંથી જાગો, તમારા ભાગ્યનો હક વારસો પ્રજાપિતા પાસેથી લેવા ભાગો. રખે ચૂકતા, જોજો ભાગ્ય સૂતેલું જ ના રહી જાય. ભગવાન બ્રહ્મા દ્વારા નવી સતયુગી સૃષ્ટિની રચના કરી રહ્યા છે, તમે પણ સ્વર્ગની ટિકિટનું રિઝર્વેશન કરાવી લો. સર્વે સ્વર્ગસુખમ્ ભવાંતુ એવી મંગલ શુભકામના સાથે જ અસ્તુ! ॥ ઓમશાંતિ ॥

- **જ્ઞાનયોગને પોતાની નેચર બનાવો તો કર્મ નેચરલ અને યુક્તિયુક્ત થશે.**

# ક્રોધને બદલે કરુણા, સ્નેહ અને શુભભાવના

બ્ર. કુ. ઈશ્વરભાઈ, ઊંઝા

ક્રોધથી કેટલું નુકસાન થાય છે અને કરુણા, સ્નેહ, શુભભાવના કેવા મીઠાં ફળ આપે છે તે સૌ આપણે જાણીએ છીએ. કોઈપણ જેલમાં જઈ આવેલા કેદીઓને પૂછવામાં આવે તો આપણે મહદ્અંશે એવું કહેતાં હોય છે કે એક જ મિનિટના ક્રોધ અને આવેશને લીધે પંદર, વીસ વર્ષની જેલ થઈ ગઈ. એક જ મિનિટના ક્રોધે જિંદગી બરબાદ કરી નાંખી હવે ફક્ત પસ્તાવા સિવાય કોઈ જ વિકલ્પ રહ્યો નથી. આ બાબતમાં શ્રીકૃષ્ણનું એક દૃષ્ટાંત સમજવા જેવું છે.

## ક્રોધથી ક્રોધ વધે છે જ્યારે શાંતિથી તે શૂન્ય થઈ જાય છે.

એક દિવસ શ્રી કૃષ્ણ, બલરામ અને સાત્યકી રાત્રિના સમયે રસ્તો ભૂલી જતાં જંગલમાં ફસાઈ ગયા હતા. અને અંતે થાકીને સૂઈ ગયા એવું નક્કી કરવામાં આવ્યું કે એક જણ વારાફરતી જાગે. સાત્યકી પહેલાં જાગીને રક્ષણ કરતો હતો. ત્યારે એક પિશાચ લડવા આવ્યો. ક્રોધી બની સાત્યકી જેમ યુધ્ધ કરે તેમ તેમ તે પિશાચ મોટો થતો જાય. સાત્યકી અંતે હારીને લોથપોથ થઈ ગયો. પછી તે સૂઈ ગયો. પછી બલદેવ જાગ્યા અને તેની સાથે યુધ્ધ કરવા લાગ્યા. તે પણ થાકી ગયા અને સૂઈ ગયા. શ્રીકૃષ્ણ જાગ્યા ત્યારે પિશાચે લડવાં માટે પડકાર ફેંક્યો તો શ્રીકૃષ્ણ શાંત રહી હસતા હતા. તેથી તે પિશાચનું કદ નાનું થતું ગયું. તે નાનકડા જીવડા સમાન બની ગયો. તેથી શ્રીકૃષ્ણે તેને પોતાના કપડામાં બાંધી દીધો. સવારે બધાએ પોતાની દુર્દશાની વાત કરી તો કૃષ્ણએ કહ્યું કે આ ક્રોધ રૂપી પિશાચ છે. ક્રોધી કરવાથી તે મોટો થતો જાય છે. અને શાંત રહેવાથી તે ખતમ થઈ જાય છે. જુઓ મેં શાંત અને હસતા રહીને નાનો કરી દીધો અને મારા કપડામાં બાંધી લીધો છે. આનો સારાંશ એ છે કે ક્રોધી ઉપર ક્રોધ કરવો તે અગ્નિમાં પેટ્રોલ છાંટવા બરાબર છે અને શુભ ભાવના રાખવી તે અગ્નિશામકનું કામ કરે છે.

## શાસ્ત્રોમાં વર્ણિત બ્રહ્માસ્ત્ર શું છે?

કરુણા, સ્નેહ અને શુભ ભાવના એવાં દિવ્ય શસ્ત્રો છે. જે આપણને તો સુખી કરે છે. સાથે સૌનું કલ્યાણ પણ કરે છે. તેને જ શાસ્ત્રોમાં બ્રહ્માસ્ત્ર કહેલ છે. બ્રહ્માસ્ત્રને કોઈ રોકી શકતું નથી તે અજેય હોય છે. સામેની વ્યક્તિ ગમે તેટલી ક્રૂર હોય, આસુરી શક્તિઓથી ભરપૂર હોય, ધનદોલતથી માલામાલ હોય તથા સર્વ વિદ્યા સંપન્ન હોય તો પણ બ્રહ્માસ્ત્રને રોકી શકતો નથી તેને કોઈ પર્વત કે સાગર રોકી શકતાં નથી. તે પોતાના લક્ષ્ય સુધી પહોંચી જ જાય છે. આ બ્રહ્માસ્ત્ર બીજું કોઈ નહીં પણ સંકલ્પશક્તિનું જ બીજું નામ છે. કરુણા, શુભભાવના અને સ્નેહનાં વાયબ્રેશન મોકલી દુનિયાના કોઈ પણ છેડે બેઠેલ કોઈપણ વ્યક્તિને આપણે મોલ્ડ કરી શકીએ છીએ.

## સૌથી મોટી સેવા કઈ હશે?

સૌથી મોટી સેવા કઈ હોય શકે તે સમજવા માટે ટોલ્સટોયનો એક પ્રસંગ જાણવા યોગ્ય છે. તેઓ ફક્ત સાહિત્યકાર જ નહીં પણ એક દિવ્ય કોટિના સંત પણ હતા. એક દિવસ તેઓ ભૂખ્યા અને પીડિત લોકોને પૈસા અને ખાવાનું આપતા હતા. આગળ જતાં એક માણસને પોતાનો કોટ

આપી દીધો પછી બીજાને પોતાનું સ્વેટર આપી દીધું. બધું જ આપ્યા બાદ આગળ જતાં એક વિકલાંગ માણસ તેમની પાસે આવ્યો. તેને જોઈને ટોલ્સટોયની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું, મને માફ કરજો. તને આપવા માટે હવે મારી પાસે કશું જ નથી. આવું સાંભળીને તે વિકલાંગ માણસ ટોલ્સટોયને ભેટી પડ્યો અને બોલ્યો 'આપ આવું ના બોલશો. આપે મને જે પ્રેમ આપ્યો છે. તે બીજાં કોઈ આપી શકતા નથી.' આ શબ્દો સાંભળ્યા પછી ટોલ્સટોયને જે સંતોષ થયો તેવો જિંદગીમાં કદાપિ થયો નહોતો. આ ઘટના તેમણે પોતાની આત્મકથામાં લખેલી છે.

આ દૃષ્ટાંત બતાવે છે કે પીડિત અને દુ:ખી લોકોને પ્રેમ, સહાનુભૂતિ અને કરુણા આપવી તે સૌથી મોટી સેવા છે. જે શિવ પરમાત્માએ આપણને શીખવી છે.

### કઈ જીત મેળવવા માટે બ્રહ્માસ્ત્ર જરૂરી છે.

ત્રણ પ્રકારથી બીજા ઉપર જીત મેળવી શકાય છે. એક બાહુબળથી, બીજી બુદ્ધિબળ દ્વારા અને ત્રીજી દિલ પર વિજય મેળવીને. બાહુબળ અને બુદ્ધિ બળ દ્વારા વિજય તો મેળવી શકાય છે. પરંતુ તેનાથી વેરઝેર વધે, ઈર્ષ્યા દ્વેષ વધે. જ્યારે દિલ ઉપર વિજય મેળવીએ તો સામેની વ્યક્તિ આનંદિત થઈ જાય અને જીતવાવાળા ઉપર કુરબાન થઈ જાય છે. આ દિલ ઉપર વિજય મેળવવા માટેનું શસ્ત્ર છે. શુભભાવના, કરુણા, પ્રેમ અને સ્નેહ જેને શાસ્ત્રોમાં બ્રહ્માસ્ત્ર કહે છે. એવું કહેવાય છે કે જેના હાથમાં બ્રહ્માસ્ત્ર હોય તેને સામેથી આવતા કોઈપણ શસ્ત્ર વાર કરી શકતા નથી. પરંતુ તેમાં વિલિન થઈ જાય છે. તે જ રીતે શુભ ભાવનાના સંસ્કારવાળી વ્યક્તિ પ્રત્યે કોઈ વેરવિરોધ, ઈર્ષ્યા, દ્વેષ કરે તો પણ તેનો પ્રભાવ નહીં પડે શુભ ભાવના સંપન્ન વ્યક્તિ અગરબત્તી સમાન સુગંધ પ્રસારિત કરતો જ રહે છે. તેનાથી સર્વ સંતુષ્ટતાને પામશે.

**॥ ઓમશાંતિ ॥**

## ગીત

### બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

મળ્યો સર્વ સુખોનો ખજાનો રે...
સુંદર સ્વર્ગની લહેરે ધજાનો રે...
કાચી માટીની દેહ બનેલી, દેહ બનેલી
એની અંદર ચૈતન્ય આત્મા રહેલો, આત્મા રહેલો
એનો જ્ઞાન મળ્યો મજાનો રે...
મળ્યો સર્વ સુખોનો ખજાનો રે...
મૈં કર્યું, મૈં કર્યુંનો અહંકાર ભૂલાવાયો...
અવિનાશી જ્ઞાન ઝૂલામાં ઝૂલાવ્યો
જ્યા કોઈ કષ્ટ નથી સજાનો રે...
મળ્યો સર્વ સુખોનો ખજાનો રે...
પાંચ વિકારથી દૂર હટાવ્યા, દૂર હટાવ્યા
પતિત આત્માઓને પાવન બનાવ્યા, પાવન બનાવ્યા
હવે સમય નથી વ્યર્થ રજાનો રે...
મળ્યો સર્વ સુખોનો ખજાનો રે...
ત્રિમૂર્તિ સ્વરૂપે તમને યાદ કરું હું
ખુશનુમઃ જીવનનો અનુભવ કરું છું.
આમાં પ્રશ્ન જ ક્યાં છે સજાનો રે
મળ્યો સર્વ સુખોનો ખજાનો રે...

**॥ ઓમશાંતિ ॥**

# નિરંતર આનંદમય સ્થિતિમાં રહેવા પાંચ વાતોનું ધ્યાન રાખો

## બ્ર.કુ. ગંગાધર, સંપાદક - ઓમશાંતિ મીડિયા, શાંતિવન, આબુરોડ

કોઈપણ ગુરુ યા સંત પોતાના નામની સાથે આનંદ શબ્દ શા માટે જોડે છે. દા.ત. નિજાનંદ મહારાજ, પરમત્યાગી પરમાનંદજી, કેશવાતીર્થ કેશવાનંદજી આદિ આદિ. આ આનંદ એક એવો ગુણ છે. જેની સર્વને ચાહના હોય છે. આનંદ તો બધાને જોઈએ છે પરંતુ તે ક્યાંથી મળશે. એનું કોઈ બીગ બજાર તો છે નહીં. જેથી ત્યાંથી ખરીદી શકાય. છતાં આપણે જીવનભર આનંદની શોધ કરીએ છીએ.

આનંદ પ્રાપ્ત કરવા માટે વિશેષ રૂપથી પાંચ નૈતિક સદ્‌ગુણો જીવનમાં અપનાવો. પાંચ માનસિક પ્રક્રિયાઓને અંકુશમાં રાખવાની પાંચ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ રોજ કરવાની જરૂર છે. આ વાત નિઃસંશય છે.

પાંચ સદ્‌ગુણ કે જે આપના જીવનમાં આનંદની પ્રચૂરતાથી પરિપૂર્ણ કરી દેશે. તે છે કૃતજ્ઞતા, સાચી પ્રશંસા, ક્ષમા, સ્વીકૃતિ અને કરુણા. લોકોના નાના-નાના ઉપકાર માટે એમનો આભાર માનો. એમના કાર્યની સાચ્ચા દિલથી પ્રશંસા કરો. કૃતજ્ઞતા અને પ્રશંસા આપના જીવનમાં ચમત્કારિક રૂપમાં બદલાવ લાવી દેશે. આ સાધારણ લાગતી વસ્તુઓ આપના જીવનમાં બાહુલ્ય અને કૃપા ભરી દેશે. સદા મીઠું, મધુર અને સત્ય જ બોલો. ‘ક્ષમા’ ક્રોધને મારવાનું પરમ શસ્ત્ર છે. કોઈ આપને કષ્ટ આપે તો તેને ક્ષમા કરી દો. સાચા હોવા ઉપરાંત દયાળુ હોવું એ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. ક્ષમા એ ખુશીની પરમ ચાવી છે. ‘क्षमा वीरस्य भूषणम्’ અર્થાત્ ક્ષમા એ વીરનું ભૂષણ છે. ક્ષમા એ ખુશીની મહત્ત્વપૂર્ણ ચાવી છે. જે પહેલાં ક્ષમા કરે તે વાસ્તવમાં સાચા બહાદુર છે. લોકો પર કરુણા વરસાવો અને આપની ક્ષમતા અનુસાર તેમની મદદ કરો. કરુણા, પ્રામાણિકતા અને અન્ય પ્રત્યે આદર એ બહુ મહત્ત્વપૂર્ણ અંગ છે. કોઈની પણ ટીકા ટિપ્પણી ન કરો. જીવનકાળ એટલો નાનો છે, લોકો ને પ્રેમ કરવાનો સમય મળતો નથી, તો બીજાઓની ટીકા, ટિપ્પણી કરવામાં સમય ક્યાંથી મળશે?

કદી બીજાઓની સાથે પોતાની તુલના ન કરો. પ્રેમ વહેંચો અને આપની પાસે જે વસ્તુ છે તેને પ્રેમ કરો. બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ઘણી બધી વસ્તુઓને આપણે બદલી શકતા નથી. તો તેનો અંતઃકરણથી સ્વીકાર કરો.

પાંચ માનસિક પ્રક્રિયાઓ ઉપરનું આપનું નિયમન આપને આંતરિક સુખ અને શાંતિ પ્રદાન કરે છે. અને તે છે તૃષ્ણા વિચાર, ઈચ્છાઓ અહં અને વર્તન. પરમાનંદને આપનો નિજી સંસ્કાર બનાવી લો. એના માટે રાગ, દ્વેષ અને તૃષ્ણાથી મુક્ત રહો. વિચારોને નિયંત્રિત, શુદ્ધ અને શ્રેષ્ઠ રાખો. વિચારો દ્વારા જ આપણે બ્રહ્માંડ અને ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ. એક એક વિચાર તથા સંકલ્પ આપના શરીરના પ્રત્યેક કોશ પર પ્રભાવ પાડે છે. એટલે પોતાના વિચારો ઉપર કાબુ રાખો.

એની સાથે સાથે પોતાની ઈચ્છાઓ ઓછી કરવી બહુ જરૂરી છે. ઈચ્છા અને આસક્તિ દુઃખનું મૂળ કારણ છે. આપણે આપણા ક્રોધ, લોભ, ઈર્ષ્યા જેવા વિકારો પર કાબૂ કરી સકારાત્મકતામાં પરિવર્તન કરી દેવાં જોઈએ. પોતાના વર્તનને સકારાત્મક રાખવું એ પણ ખૂબ જરૂરી છે. સત્ય તો

એ છે કે આપણી સાથે જે ઘટનાઓ ઘટિત થાય છે એનો પ્રભાવ આપણા પર માત્ર દસ ટકા છે. નેવું ટકા અસર તો એ ઘટના પ્રત્યે આપણી પ્રતિક્રિયા કેવી હોય છે એના પર નિર્ભર છે. વિશેષ રૂપમાં આપણે વિનમ્ર થઈને, અહંકારનો ત્યાગ કરવો જોઈએ. અહંકાર અને ક્રોધ આપણા સૌથી મોટા દુશ્મન છે. અહંકારી કોઈની પાસે જતો નથી અને ક્રોધીની પાસે કોઈ આવતું નથી. અહંકાર અને ક્રોધ સંબંધો અને પરિવારનો નાશ કરી દે છે. આ સર્વ માનસિક પ્રક્રિયાઓ આપણા પોતાના સ્વભાવને બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. એટલે આ સર્વ માનસિક પ્રક્રિયાઓને જેટલું બની શકે તેટલું કાબૂમાં રાખો.

આપણે જાણ્યું કે પરમાનંદ, પરમશાંતિ તથા સુખ મેળવવા માટે આપણે શું શું અપનાવવાનું છે અને શું શું છોડવાનું છે. તથા શું શું નિયંત્રિત કરવાનું છે. આપણ સૌ પરમાનંદને નિજાનંદ બનાવવા માટે જો આ સાદી વાતોને ધ્યાનમાં રાખીએ તો કેટલું સારું. જો આપણે પરમાનંદના ઈચ્છુક નાની-નાની વાતો પર ધ્યાન આપીએ. જેમ કે બીજાઓનો આભાર માનવો, પ્રશંસા કરવી, પોતાના અહંકારનો ત્યાગ કરવો અને પોતાના સંકલ્પોને નિયંત્રિત રાખવા, તો પરમાનંદ જ આપણો નિજાનંદ બની જશે.

**॥ ઓમશાંતિ ॥**

# ઓળખી લે ઘડીક આત્મ

**બ્ર. કુ. જૂનાગઢ**

ઢળી પીતો જ્ઞાન અમૃતથી, જીવનનો તડકો શાંતિ અમૃત,
મુખે એને કેવી જ્ઞાન સરિતા, કમલ શુભ એ સોહામણું સોહતું,
નક્કી તારે માટે થઈ જ નીરસ ‘દુષ્ટ’ દુનિયા,
બાંધવા પ્રીતિ, સરસ મસ્ત દુનિયા,
બધો પી આ કંઠ પ્રણય, ૨૧ ભુવનોને કહીશ હું,
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો પરોઢનું,
ઓળખી લે ઘડીક, આત્મ, છેલ્લા જીવન શ્વાસ સુધી,
સ્વર્ગ વાસીનાં રંગ-ધોળા, મન સુપ્રસન્ન, ખુશનુમા,
જોઈ મલકાતો તુંયે, સૂર્યવંશીઓની રિદ્ધિ,
તણા સૌ સુવર્ણરંગ, ઉછાળતો કોટિ-કરે.
કાળે કળયુગમાં, જો તું ઊગ તો કહેજે મને.
કોણ છે રે એ? દીવો લઈ આવ્યો પ્રકાશ બિંદુનો,
મન માળવે કોણ લઈ ગયું? સચખંડ કરતું એ કોણ ગયું?
શરીરે લેખરાજ નામ ગયું, સંગમમાં નામ બ્રહ્મા ગવાયું.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 12નું અનુસંધાન)... જાગૃત વ્યાપારી**

પરંતુ આપણા કર્મોના હિસાબ-કિતાબ સિવાય કોઈ ભૂત કોઈ ભૂત-પ્રેત આપણને પરેશાન કરી શકતું નથી. જો આપણે સર્વ પ્રત્યે શુભભાવના- શુભકામના રાખીએ છીએ તો કોઈ આપણને પરેશાન કરી શકતું નથી. જો આપણે કોઈને દુઃખ આપીશું તો આપણને દુઃખ મળશે. જો આપણે કોઈને પરેશાન કરતા નથી તો કોઈ આપણને પરેશાન નહીં કરે.

તો વ્યાપારીઓ અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને વશ થઈ ભયભીત, ચિંતાગ્રસ્ત ના રહે. એ ભયને દૂર કરવા માટે વ્યર્થ પ્રયાસો તથા ખોટા ખર્ચાઓ ના કરીએ. પણ પરમાત્માના સત્ય જ્ઞાન અને યોગ શીખીને પોતાનામાં આત્મજાગૃતિ લાવીએ. સત્કર્મોનો હિસાબ વધારીએ તો કોઈની બૂરી ચાલ આપણને અસર કરી શકશે નહીં. **॥ઓમશાંતિ॥**

# પ્રસંગ પરિમલ

## જ્ઞાન ક્યાંકથી પણ મળે

ઘણા સમય પહેલાંની વાત છે. ગોવિંદ રાનડે હાઈકોર્ટના જજ હતા. એમને ઘણી બધી ભાષાઓ શીખી લીધી. પરંતુ તે બંગાળી ભાષા હજુ સુધી શીખી શક્યા નહોતા. અંતમાં એમને એક ઉપાય સૂઝ્યો. એક બંગાળી હજામને બોલાવ્યો અને એની પાસે પોતાની હજામત કરાવવાનું શરૂ કરી દીધું. હજામ લાંબા સમય સુધી હજામત બનાવતો એટલે એમણે હજામ પાસેથી બંગાળી ભાષા શીખવાનું શરૂ કરી દીધું.

રાનડેના પત્નીને આ બહુ ખરાબ લાગતુ હતું. એણીએ પોતાના પતિને કહ્યું આપ હાઈકોર્ટના જજ હોવા છતાં એક હજામ પાસેથી ભાષા શીખી રહ્યા છો? કોઈ જોશે તો આપણી કેવી ઈજ્જત જશે. આપને બંગાળી ભાષા શીખવી જ છે. તો કોઈ વિદ્વાનને બોલાવીને શીખો. રાનડેએ હસતાં ઉત્તર આપ્યો કે હું તો જ્ઞાનનો તરસ્યો છું. એમાં જ્ઞાતિ-જાતિને શું લેવા દેવા. આ સાંભળીએ રાનડેનાં પત્નીને બહુ અફસોસ થયો. તેણીએ કહ્યું આપ સાચા છો.

**શીખ -** આ વાર્તાથી આપણને એ શીખવાનું મળે છે કે જ્ઞાન ક્યાંકથી પણ શીખી શકાય.

## નિઃસ્વાર્થ સેવા

આ થોડા દિવસો પહેલાંની વાત છે. પોતાની આઠ વર્ષની પુત્રીને સ્કૂલથી ઘેર પાછી લાવવા તે ત્રણ વાગે સ્કૂલના ગેઈટ પાસે પહોંચી ગયો હતો. ત્રણ વાગ્યાથી પહેલાં જુનિયર કે.જી. નાં બાળકો સ્કૂલમાંથી ઘેર જવા નીકળતાં હતાં. જ્યારે સીનિયર કે.જી.નાં બાળકો ત્રણને દસ મિનિટ પછી બહાર નીકળતાં હતાં. ગેઈટ પર વાલીઓની ભીડ થઈ જતી હતી. એકાએક ભારે વરસાદ વરસવો શરૂ થઈ ગયો. સૌએ પોતાની છત્રી ખોલી. મારી પાસે એક સજ્જન છત્રી વગરના ઊભા હતા. મેં શિષ્ટાચાર વશ એમને મારી છત્રી નીચે લઈ લીધા. એમણે કહ્યું, ગાડીમાં જલદીથી આવી ગયો એટલે હું છત્રી લાવવાનું ભૂલી ગયો. મેં કહ્યું કોઈ વાત નહીં. આવું તો થાય.

જ્યારે એમનો પુત્ર રેઈનકોટ પહેરીને નીકળ્યો તો હું એને છત્રી લઈને ગાડી સુધી મૂકી આવ્યો. એમણે મને બારીકાઈથી જોયો અને આભાર માનીને ચાલ્યા ગયા.

કાલે રાત્રે નવ વાગે પાટીલ સાહેબનો પુત્ર આવ્યો. તેણે કહ્યું, અંકલ મારી છ માસની પુત્રી રૂબીની તબિયત બગડી છે. એને ડોક્ટર પાસે લઈ જવી છે મેં કહ્યું, ચાલો હું આવું છું.

અંધારી વરસાદની રાતમાં જ્યારે અમે ડોક્ટરને ઘેર પહોંચ્યા તો દરવાન ગેઈટ બંધ કરી રહ્યો હતો. કંપાઉન્ડરે કહ્યું કે ડોક્ટર સાહેબ છેલ્લા પેશન્ટને તપાસી રહ્યા છે. હવે ઉઠવાના જ છે. હવે સોમવારે નંબર લાગશે. હું કંપાઉન્ડરને આજે જ પેશન્ટને બતાવવાની કોશિશ કરી રહ્યો હતો. ત્યારે ડોક્ટર સાહેબ ચેમ્બરમાંથી ઘેર જવા માટે બહાર નીકળ્યા. મને જોતાં જ ઠરી ગયા. પછી બોલ્યા આપ આવ્યા છો સર, શું વાત છે?

એ કહેવાની જરૂર ના પડી કે ડોક્ટર સાહેબ તેજ સજ્જન હતા. જેમને મેં છત્રી ઓઢાડીને ગાડી સુધી પહોંચાડ્યા હતા. ડોક્ટર સાહેબે બાળકી સાથે મારો શો સંબંધ છે એ પૂછ્યું. મારા મિત્ર પાટીલ સાહેબની બેટી છે. અમે લોકો એકજ સોસાયટીમાં રહીએ છીએ. એમણે બાળકીને તપાસી. કાગળમાં દવા લખી આપી. કંપાઉન્ડરને કહ્યું, બાળકીને આ ઈંજેક્શન તરત લગાવી દો,

બે ત્રણ દિવસની દવાઓ દવાખાનામાંથી આપી દો.

મેં કહ્યું તો ડોક્ટર સાહેબે કહ્યું કે આ વરસાદી રાતમાં ક્યાં દવા શોધતા રહેશો. સર, કંઈક તો તમારા જેવો નિઃસ્વાર્થ સેવાનો રંગ મારા પર પણ ચઢવા દેશો.

ઘણું કહેવા છતાં ના તો તપાસવાની ફી લીધી. ના તો દવાના પૈસા લીધા. કંપાઉન્ડરને કહ્યું કે આ સર જ્યારે પણ આવે તેને દવાખાનામાં આવવા દેજો. મને ગાડી સુધી મૂકવા આવ્યા અને કહ્યું, સર, આપ જેવા નિઃસ્વાર્થ સમાજસેવી આ દુનિયામાં રહે છે. તે ગૌરવ અને આનંદની વાત છે.

## મદદે ખુદા

ગરીબી પણ મુસીબત બની ગઈ હતી. બાળક રડી રહ્યું હતું. આજે એને દૂધ મળ્યું નહોતું. આજે ઘરમાં દૂર ખતમ થઈ ગયું હતું. બન્ને એટલા બીમાર હતા તેથી ચાલી પણ શકતા નહોતા. એની ઝૂંપડી પણ ઘણી દૂર હતી. કોઈની મદદ પણ મળતી નહોતી. ગરીબ આદમી રોજ કમાય છે ને ખાય છે.

આજે બાળક ચૂપ રહી શકતું નહોતું. ભૂખથી બાળક સતત રડી રહ્યું હતું. હિંમત રાખીને એ બાળકનો પિતા કંઈક કામ શોધવા નીકળ્યો. આજે તબિયત ખરાબ હોવાને કારણે કોઈ કામ નહીં કરી શકે તે જાણતો હતો. જો કામ નહીં મળે તો ખાવાનું પણ મળશે નહીં.

એવું વિચારીને તે કામ કરવા નીકળી પડ્યો. ઘણી કોશિશ કરવા છતાં પણ આજે એને કામ મળ્યું નહીં. તે બહુ પરેશાન થઈ ગયો કે જ્યારે જરૂર હોતી નથી ત્યારે કામ મળી જાય છે. પણ આજ બહુ જરૂરત છે તો કામ મળતું નથી. આવું ક્યાં સુધી ચાલશે. ભગવાન પણ અમને ભૂલી ગયા છે.

ત્યારે એની નજર એક આદમી પર પડી. એની પાસે ઘણો બધો સામાન હતો. અને તે કોઈને શોધી રહ્યો હતો કે ઉઠાવી શકાતું નહોતું. તે ગરીબ આદમી જોઈ રહ્યો હતો કે આ આદમી મોટી ઉંમરનો છે.એની પાસે જઈને કહ્યું કે આપની મદદ કરી શકું છું? આજ મને કોઈ કામ મળ્યું નથી. જો આપ મને થોડા પૈસા આપશો તો સામાન હું ઉઠાવી લઈશ. તે આદમીએ હા પાડી અને ગરીબ આદમી તેનો સામાન ઉપાડીને ચાલવા માંડ્યો. સામાનમાં કેટલીક મૂર્તિઓ હતી જે મંદિર પાસે લઈ જવાની હતી. એ આદમી તાવમાં પણ એ મૂર્તિઓ ઊંચકીને જઈ રહ્યો હતો. તે મંદિરે પહોંચી ગયો.

એ આદમીએ પૂછ્યું એ પૂછ્યું કે મને લાગે છે કે તમારી તબિયત ઠીક નથી. અને તમે કામ કરવા માટે આવી ગયા છો. પછી એ આદમીએ કહ્યું કે આજે બાળકને એક બોટલ પણ દૂધ મળ્યું નથી. અને ઘરમાં કાંઈ છે નહીં. એટલા માટે હું કામ કરીને એના માટે દૂધ લેવા જઈશ. જ્યાં સુધી હું ઘરમાં નહીં જાઉં ત્યાં સુધી બાળક રડતું રહેશે, વાતો વાતોમાં મંદિર આવી ગયું અને એ આદમીએ પોતાના ખિસ્સામાંથી પોટલી કાઢીને તેને આપી અને કહ્યું કે પોટલી ઘેર જઈને જ ખોલજો. આજથી તારા ખરાબ દિવસો સમાપ્ત થઈ જશે. એ ગરીબ આદમી કંઈપણ સમજી રહ્યો નહોતો એણે વાત માની લીધી અને પોટલી લઈને ઘેર ગયો. ઘેર જઈને પોટલી ખોલીને જોયું તો તેમાં સોનાની મુદ્રા હતી. લાગે છે કે આ ભગવાન છે. જે એમને મદદ કરવા આવ્યા હતા. એ દિવસથી એના ખરાબ દિવસો સમાપ્ત થઈ ગયા.

**શીખ -** જો આપણે સાચા મનથી ભગવાનને બોલાવીએ તો તે જરૂર આવે છે. પણ આજે આપણે ભૂલી ચૂક્યા છીએ કે આપણે હંમેશા બીજાઓની મદદ કરવી જોઈએ. આપણને એ ખબર નથી કે કઈ હાલતમાં છે. એટલે સૌને મદદ કરો.

**॥ ઓમશાંતિ ॥**

## દિવ્યદર્શન

# યુગ પ્રણેતા પિતાશ્રીને સમર્પિત શ્રધ્ધા સુમન....

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

**એક અગ્રણી અને કુશળ ઝવેરી -** દાદા લેખરાજનો જન્મ સિંધના કૃપાલાની કુળમાં એક સદાચારી ભક્તના ઘરે થયો હતો. તેમના લૌકિક પિતા શાળાના એક સામાન્ય શિક્ષક હતા. પરંતુ દાદા પોતાના અલૌકિક પ્રયાસો અને દિવ્ય બુદ્ધિમત્તાને કારણે, દાદા એક સામાન્ય અનાજના વેપારીમાંથી એક પ્રખ્યાત ઝવેરી બની ગયા. મૂલ્યવાન હીરા અને ઝવેરાતની તપાસ કરવામાં તેમની કુશળતાને કારણે શાહી રાજવી પરિવારોમાં તેમનું બહુ સન્માન કરવામાં આવતું.

**શ્રી નારાયણના પરમ ભક્ત -** તેઓ બાળપણથી જ શ્રી નારાયણના પ્રખર ભક્ત હતા. તેમને શ્રી નારાયણની સ્મૃતિ અને છબી એટલી ગમતી કે તેમના પૂજાપાઠની જગ્યાએ તેમણે પોતાના શયકક્ષમાં અને ઓશિકા નીચે પણ શ્રી નારાયણનું ચિત્ર રાખતા. તેમની તિજોરી અને ખિસ્સામાં શ્રી નારાયણની તસવીર રહેતી. તેમનો આખો દિવસ એ પ્રયાસ રહેતો કે તેઓ જ્યાં પણ જોવે, જ્યાં હાથ મૂકે, ત્યાં ત્યાં તેમણે શ્રી નારાયણને જોયા અને મળ્યા હોય.

**નારીને માન-સન્માનનું સ્થાન આપવાની તરફેણમાં -** બજારમાં શ્રી વિષ્ણુ અને શ્રી લક્ષ્મીના ચિત્રો મળતાં, જેમાં શ્રી લક્ષ્મી શ્રી વિષ્ણુના પગ દબાવતા હોય ત્યારે પિતાશ્રીને શ્રી લક્ષ્મીને દાસી તરીકે દર્શાવવાના સખત વિરોધમાં હતા. તેઓ તમામ મહિલા જાતિને વિશેષ સન્માન આપવાના પક્ષમાં હતા, તેથી જ તેમણે ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલયની સ્થાપનાની સાથે સાથે તે નામમાં બ્રહ્માકુમારી શબ્દ રાખ્યો. જો તેઓ ઇચ્છતા તો બ્રહ્માકુમાર શબ્દ રાખી શક્યા હોત. પરંતુ સ્ત્રી-શક્તિને જાગૃત કરવી, તેને આગવું સ્થાન આપવું એ તેમની આગવી વિશેષતા હતી. તેમના પ્રભાવ-શાળી ભાષણમાં વારંવાર કહેતા, વિશ્વનું કલ્યાણ ફક્ત સ્ત્રીશક્તિના જાગૃતિમાં જ સમાયેલું છે.

**દાદાની ગુરુ પ્રત્યેની ભક્તિ -** દાદાની ગુરુ પ્રત્યેની ભક્તિ એક ઉચ્ચ કોટીના ભક્તના સ્તરની હતી. આ માટે માત્ર એક જ ઉદાહરણ પૂરતું છે. એક વાર તેમના ઘરે તેમના પૌત્રની નામકરણની વિધિ હતી. તેજ દિવસે તેમના ગુરુએ તેમને બોલાવ્યા. દાદાએ નામકરણની વિધિ છોડી તેમના ગુરુ પાસે જવાનું નક્કી કર્યું એટલે ત્યાં રોષે ભરાયેલ પરિવારજનોને કહ્યું કે, ગુરુનું બોલાવવું તે કાળના સમય જેવું જ છે. આજે મારા પૌત્રની નામકરણ વિધિ છે એમ કહીને સમયની હાકલને કોઈ કાળા માથાનો માનવી પણ ટાળી શકતો નથી.

**પિતાશ્રીની દાન આપવામાં અને ભગવદ્ ગીતામાં અપાર શ્રદ્ધા -** દાદાની ઉદારતાએ પણ તેમને મહાન બનાવવામાં મદદ કરી. તેમના એક કાકા, મૂળચંદ આજવાલા (હાથીદાંતના વેપારી) આજ-વાલાના નામથી પ્રખ્યાત હતા. તેઓ નિઃસ્વાર્થ દાતા તરીકે પ્રખ્યાત હતા. તેમની હયાતીમાં દાદા તેમની દુકાને બેસી જરૂરિયાતમંદ અને દુઃખી લોકોને દાન આપતા હતા. તેઓ શ્રીમદ ભગવદ્ ગીતાના પ્રખર ભક્ત હતા. તેમણે તેમની લૌકિક પુત્રીઓ અને ભત્રીજીઓના લગ્નમાં દહેજમાં હીરા અને ઝવેરાતની સાથે-સાથે શ્રીમદ ભગવત ગીતાનું એક પુસ્તક પણ આપ્યું હતું.

**દાદાને દિવ્ય સાક્ષાત્કાર -** એક દિવસ એવું બન્યું કે, દાદાના ઘરે સત્સંગ ચાલતો હતો, જેમાં તેઓ બેઠા હતા. અચાનક તેમને કંઈક આંતરિક અનુભવ થયો અને તેઓ સત્સંગમાંથી ઉભા થઈ તેમના રૂમમાં ગયા. ત્યાં અલૌકિક અનુભૂતિ થઇ. તેમને પોતાના દેહનું પણ ભાન ન હતું. આ અવસ્થામાં તેમને સૌ પ્રથમ વિષ્ણુ ચતુર્ભુજનો દિવ્ય સાક્ષાત્કાર થયો. આ ઘટના પછી દાદા વારાણસી ગયા. ત્યાં તમને નિરાકાર શિવ પરમાત્માનો સાક્ષાત્કાર થયો. પિતાશ્રીના મનમાં આ તથ્ય સમજાઈ ગયું કે ૫૦૦૦ વર્ષ પહેલા મહાભારતના યુદ્ધમાં જે વિનાશકારી શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનું નિર્માણ શરૂ થઈ ગયું છે. આ પાપી કળિયુગની દુનિયાનો મહાવિનાશ હવે નજીક છે. તેમને મહાવિનાશનો ભયંકર સાક્ષાત્કાર પણ થયો. આ જ્ઞાન મેળવ્યા પછી દાદા સાંસારિક બાબતોથી અળગા થઈ ગયા અને તેમણે પોતાનો ધંધો પણ છોડી દીધો. તેમને હીરા અને ઝવેરાત ખોટા અને પત્થર દેખાવા લાગ્યા. આ સાથે જ તેમણે આવનારી સતયુગની દૈવી સૃષ્ટિનો સાક્ષાત્કાર પણ થયો.

દાદાએ તેમના શરીરમાં પરમશક્તિ શિવનો પ્રવેશનો અનુભવ કર્યો અને તેમના મુખારવિંદથી દિવ્ય વાણીની શરૂઆત થઇ. તેમને આ દિવ્ય વિવેક શક્તિ પણ આ સ્થિતિમાં પ્રાપ્ત કરી.

**વિશ્વ સેવા -** બાબાને ભારતની સેવા માટે ઈશ્વરીય આદેશ મળ્યો. અને તેમણે કરાંચીથી ભારત આવવાનું નક્કી કર્યું. ૧૯૫૦માં યજ્ઞવત્સ ગુજરાતના ઓખા બંદરે ઉતર્યા અને ત્યાંથી આબુ આવ્યા. માઉન્ટ આબુમાં યજ્ઞવત્સ માટે જ્ઞાનના સંવર્ધન માટે સૌથી યોગ્ય તકો પૂરી પાડી. ભારતના તત્કાલિન વાઈસરોય લોર્ડ બેકલ અને ઈંગ્લેન્ડના રાજા-રાણીને પત્રો મોકલી ઈશ્વરીય સંદેશ આપવામાં આવ્યો. તથા પાકિસ્તાનના નિર્માતા જિહવા, અમેરિકાના રાષ્ટ્રપતિ, ઉદયપુર અને નેપાળના મહારાજાને પણ ઈશ્વરીય સંદેશના પત્રો મોકલવામાં આવ્યા હતા. આ રીતે બ્રહ્માબાબાએ વિશ્વની મહાન હસ્તીઓને પણ સંદેશો આપ્યો.

**બ્રહ્માબાબા સંપૂર્ણતાને પામી અવ્યક્ત-વાસી બની ગયા -**વટવૃક્ષની જેમ ડાળીઓ અને પાંદડાઓ પર દિવ્ય સંદેશ લખીને બાબાએ પોતાનું કાર્ય સંપૂર્ણ કરવાનું શરૂ કરી દીધું હતું. બાબાની પાસે બેસતાં જ એવો આભાસ થવા લાગ્યો હતો કે બાબા દેહમાં હોવા છતાં પણ અવ્યક્ત સ્થિતિમાં હતા. ક્યારેક તેમના ચહેરા પર ચાંદની જેવી ચમક હતી તો, ક્યારેક તેમના ચહેરા પર સૂર્ય જેવી ચમક હતી. જે તેમના પાર્થિવ શરીરના સ્થૂળ તત્વને દૂર કરીને તેમને પ્રકાશથી પ્રતિબિંબિત કરતી હતી. પરંતુ ૧૮ જાન્યુઆરી ૧૯૬૯ની સવાર પડી ત્યારે બાબાના શરીરનો રથ તેની કાર્યક્ષમતા માટે યોગ્ય ન હતો. બાબાએ તે દિવસે બધા પત્રોના જવાબ લખ્યા. તેમજ પાંડવ ભવનના નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. કેટલાક જરૂરી આદેશો અને સૂચનાઓ પણ આપી હતી. બાબા સાંજે ક્લાસ પણ કરાવ્યો. રાત્રે 8.45 કલાકે બાબા તેમના રૂમમાં પાછા ફર્યા અને તેમણે ઊંડા શ્વાસ લેવાનું શરૂ કર્યું ત્યારે તેઓ ખાટલા પર બેઠા હતા. દાદી પ્રકાશમણિ બાબાની સામે બેઠા હતા. બાબા

(અનુસંધાન પેજ નં. 15 પર)

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૦ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૦ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૪૯ના જવાબો આપેલ છે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૫૦

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | 4 | | 5 | 6 | |
| | ■ | 7 | | 8 | | ■ | 9 | | ■ |
| 10 | 11 | ■ | ■ | | ■ | 12 | | ■ | 13 |
| 14 | | 15 | 16 | | 17 | ■ | | ■ | |
| ■ | 18 | | | ■ | | ■ | ■ | 19 | |
| ■ | 20 | | | ■ | 21 | 22 | ■ | 23 | |
| 24 | ■ | | ■ | 25 | | | 26 | | |
| 27 | | | ■ | 28 | | ■ | 29 | | ■ |
| | ■ | ■ | ■ | | ■ | 30 | | ■ | 31 |
| 32 | | | | | ■ | 33 | | | |

### શબ્દાવલી ભાગ - ૪૯ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 સં | 2 ત | 3 રી | 4 દા | દી | ■ | 5 ડિ | સે | મ્બ | 6 ર |
| 7 ગ | ત | મ | ત | ■ | 8 મ | ન | ■ | ■ | ત |
| 9 તા | ત | ■ | 10 ર | 11 સ | દા | ર | ■ | 12 કા | ન |
| 13 રે | ત | ■ | 14 ડું | ગ | ર | ■ | 15 | ■ | જ્યો |
| ફુ | ■ | 16 રા | ■ | ડી | ■ | 17 પા | ની | 18 પ | ત |
| 19 સં | 20 જી | વ | 21 ની | ■ | 22 પ | લ | વા | ર | ■ |
| 23 ગ | લ | ■ | તિ | ■ | ■ | 24 ખ | લી | બ | 25 લી |
| બો | ■ | 26 દુ | નિ | યા | ■ | ■ | પી | ■ | પ |
| 27 રે | 28 ડ | ■ | ય | ■ | 29 સા | 30 મ | ના | ■ | યુ |
| ■ | 31 ર | હ | મ | ■ | 32 પ | ગ | લા | ■ | ગ |

### આડી ચાવીઓ

૧. પરમાત્મા ..... છે (૪)
૪. સંક્રાતિ, મકર (૫)
૭. વાણી, વર્તન અને ..... (૪)
૯. ..... ડાલ–ડાલ પર સોને કી ચિડીયા (૨)
૧૦. તન, દેહ, શરીર (૨)
૧૨. વિશ્વાસ (૨)
૧૪. નિરઅંહકારી શબ્દ ઉલટો લખો (૩)
૧૮. સોફ્ટ ડ્રિંકની એક કંપની (૩)
૧૯. પ્રારંભ, શરૂઆત (૨)
૨૦. એક અટક (૩)
૨૧. વેલ (૨)
૨૩. ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ (૨)
૨૫. એકોમોડેશન શબ્દનું ગુજરાતી (૬)
૨૭. મેરા જુતા હૈ..... ફિર ભી દિલ હિંદુસ્તાની (૩)
૨૮. રતન (૨)
૨૯. ..... ખોરાક ન ખાવો જોઈએ (૨)
૩૦. હાથ, હસ્ત (૨)
૩૨. ઉધ્ધાર કરનાર ..... (૫)
૩૩. કેન્ડલ શબ્દનું ગુજરાતી (૪)

### ઊભી ચાવીઓ

૧. દેવતાઓ સંપૂર્ણ ...... (૬)
૨. કવિતા (૨)
૩. વરી શબ્દને ઉંધો લખો (૨)
૪. હૃદય (૨)
૫. બ્રહ્માકુમારીઝનું મુખ્યાલય ....માં છે (૪)
૬. અહી શબ્દને હિન્દીમાં લખો (૨)
૮. સમક્ષ (૩)
૧૧. પરકાયા શબ્દને ઉંધો લખો (૪)
૧૩. પુણ્યતિથિ (૫)
૧૫. માં સરસ્વતીનું એક નામ (૫)
૧૬. દાડમને હિન્દીમાં શું કહેવાય? (૩)
૧૭. નિમિત્ત, નિર્માણ, ...... (૫)
૧૯. ભીલજ્ઞાતી (૪)
૨૨. પિરીયડ (૨)
૨૪. ..... બ્રહ્માબાબા (૪)
૨૫. કાચી કેરીનો પાવડર (૪)
૨૬. હલ, સમાધાન (૪)
૩૦. ઓછું, અધુરું, ઉણપ (૨)
૩૧. બ્રહ્માબાબા – પુરાની ..... છે (૨)



છારીયામાં નવનિર્મિત્ત 'રાજઋષિ ભવન' રીટ્રીટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. સુરેખાબેન.




અમદાવાદ ખાતે 'વ્યસન મુક્ત ભારત મેરાથોન' બાદ સુખશાંતિભવન, ઈન્દ્રપ્રસ્થના સ્પોર્ટસ્ વીંગના પ્રતિભાગીઓ મેડલ સાથે સમૂહચિત્રમાં.



રાજકોટ અવધપુરીમાં 'વર્લ્ડ ડે ઑફ રિમેમ્બન્સ ફૉર ટ્રાફિક વિકટીમ' કાર્યક્રમમાં બ્ર.કુ. રેખાબેન, પૂર્વ ચીફ એનફોર્સમેન્ટ ઓફિસર જે.બી.શાહ, RTO ઈન્સ્પેટર જયંતીભાઈ, RTO એજન્ટ કેવલભાઈ અને ગીરીબાપુ.




ઉમરગામ ખાતે આયોજીત 'વર્લ્ડ ડે ઑફ રિમેમ્બન્સ ફૉર ટ્રાફિક વિકટીમ' કાર્યક્રમમાં બ્ર.કુ. ચેતનાબેન, PSI ભગિની સ્મિતાબેન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ભ્રાતા ડૉ. ચેતન પટેલ, બ્ર.કુ. ઉમેશભાઈ.



આણંદ ખાતે આયોજીત 'સ્નેહ મિલન' કાર્યક્રમમાં ગુજરાત સમાજ કલ્યાણ બોર્ડના ચેરમેન ભગિની હંસાકુંવરબા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભગવતીબેન તથા અન્ય મહાનુભાવો.



સુરત પરવટમાં 'મૂલ્યનિષ્ઠ શિક્ષણ' કાર્યક્રમમાં બ્ર.કુ. દામિનીબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, શાળાના ટ્રસ્ટીઓ, આચાર્યો તથા શિક્ષકો.



અંકલેશ્વમાં ટી. એમ. શાહ એન્ડ એ. વી. એમ. મંદિર શાળામાં વિદ્યાર્થીઓને 'ડીજીટલ વેલનેસ' વિષય પર સમજ આપતાં શક્તિનગર સેવાકેન્દ્રનાં બ્ર.કુ. અમીતાબેન.



ખેડામાં શ્રી એચ. એન. ડી. પોખ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને 'વ્યસન મુક્તિ' વિષય પર સમજ આપતાં બ્ર.કુ. તરૂબેન.

**Gyan Amrit** Vol.18 | Issue 01 | January 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




રાજકોટ ખાતે ગુજરાત ઝોનની 'હીરક જયંતી' મહોત્સવ તથા 'શિવશક્તિ નારી સ્વરૂપા નમોસ્તુતે' કાર્યક્રમનો શુભાંરભ કરતાં મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, જનરલ સેક્રેટરી આદરણીય બ્રિજમોહનભાઈ, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, આર.કે. યુનિવર્સિટીના ડાયેક્ટર ભ્રાતા આર. કે. ડેનિસ પટેલ, બાલાજી વેફરના ઑનર ભ્રાતા ભીખુભાઈ વિરાણી, સરગમ ક્લબના ગુણવંતભાઈ ડેલાવાલા, યુવા પ્રભાગના ઉપાધ્યક્ષ બ્ર.કુ. ચંદ્રિકાબેન તથા સભામાં ગુજરાત ઝોનની સર્વ ટીચર્સ બહેનો.



રાજકોટ હેપ્પી વિલેજમાં ગુજરાત ઝોનની મુખ્ય બહેનોનું સપ્તરંગી કાર્યક્રમ દ્વારા ભવ્ય સ્વાગતમ્ અને સન્માન.



હેપ્પી વિલેજ, ત્રંબા–રાજકોટ ખાતે આયોજીત બ્રહ્માકુમારીઝ સંસ્થાના 'હીરક જયંતી' મહોત્સવના દરમ્યાન સ્વાગત અને ગુજરાતની જીલ્લાકક્ષાએ ઈશ્વરીય સેવાઓની વિવિધ ંગાંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તૃતિ આપતાં બાળકલાકારો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com